પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૩૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૯-૦૫-૨૦૨૩ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવન અને મંત્રોચ્ચાર સાથે નવી સંસદનું ઉદ્‌ઘાટન અને સેંગોલની સ્થાપના કરી





નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવન અને મંત્રોચ્ચાર સાથે નવી સંસદનું ઉદ્‌ઘાટન કર્યું છે. પૂજા બાદ તમિલનાડુના મઠોના અધનમે પીએમ મોદીને સેંગોલ સોંપ્યું હતું. વડાપ્રધાને સેંગોલને પ્રણામ કર્યા પછી સંસદમાં સ્પીકરની ખુરશીની બાજુમાં સ્થાપિત કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે સ્પીકર ઓમ બિરલા હાજર રહ્યા હતા. સેંગોલ સ્થાપન પછી, પીએમ મોદીએ સંસદના નિર્માણમાં સામેલ શ્રમ યોગીઓનું સન્માન કર્યું. આ પછી સર્વધર્મ સભા યોજાઈ હતી.સર્વધર્મ સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તમામ કેબિનેટ મંત્રીઓ અને અન્ય રાજ્યોના સીએમ સહિત ઘણા પ્રતિષ્ઠિત લોકો હાજર છે. આ સર્વધર્મ સભામાં બૌદ્ધો, જૈન, પારસી, શીખ સહિત અનેક ધર્મોના ધાર્મિક નેતાઓએ પ્રાર્થના કરી હતી.

મોદી સવારે ૭:૩૦ વાગ્યે સંસદ પહોંચ્યા અને પહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને નમન કર્યા અને પછી પૂજામાં સામેલ થયા હતા. હવન-પૂજન અને સેંગોલની સ્થાપના બાદ વડાપ્રધાન મોદી ટ્વીટ કર્યુ - આજનો દિવસ આપણા બધા દેશવાસીઓ માટે અવિસ્મરણીય દિવસ છે. સંસદનું નવું બિલ્ડીંગ આપણને સૌને ગર્વ અને આશાઓથી ભરી દેશે. ઉદઘાટન પહેલાં વડાપ્રધાને દરેકને સંસદ ભવનનાં વીડિયો માટે વૉઈસ ઓવર આપવા અપીલ કરી હતી. આ પછી શાહરૂખ ખાન, અક્ષય કુમાર અને અનુપમ ખેર જેવી હસ્તીઓએ આ વીડિયોમાં પોતાનો અવાજ આપ્યો. જણાવી દઈએ કે ૨૦ વિપક્ષી પાર્ટીઓએ સંસદના ઉદઘાટનનો બહિષ્કાર કર્યો છે.

નવી સંસદમાં તમિલનાડુનો ઐતિહાસિક રાજદંડ (સેંગોલ) લોકસભાના અધ્યક્ષની બેઠક પાસે સ્થાપિત કરવામાં આવ્યો છે અને તે ચાંદી અને સોનાનો બનેલો છે. સત્તાના હસ્તાંતરણના પ્રતીક તરીકે ઓગસ્ટ ૧૯૪૭માં પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુને આપવામાં આવેલો આ રાજદંડ અલ્હાબાદ મ્યુઝિયમની નેહરુ ગેલેરીમાં રાખવામાં આવ્યો હતો. નવી સંસદ ભવનનાં ઉદ્‌ઘાટન પ્રસંગે સરકાર ૭૫ રૂપિયાનો સ્મારક સિક્કો પણ બહાર પાડયો હતો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, નવા સંસદ ભવન ખાતે સંબોધન કરતા કહ્યું કે, ભારતની જવાબદારી બહુ મોટી છે. સફળતાની પહેલી શરત સફળ થવાનો વિશ્વાસ છે. નેશન ફસ્ટની ભાવનાથી આગળ વધવુ પડશે ૨૫ વર્ષ બાદ આઝાદીના ૧૦૦ વર્ષ પૂરા થશે. આ ૨૫ વર્ષમાં ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવું છે. લક્ષ્ય મોટુ છે. કઠીન પણ છે. પણ દરેક દેશવાસીઓએ નવો સંકલ્પ કરવાનો છે.

વડાપ્રધાને સંબોધનમાં વધુ જણાવ્યું કે, ૩૦ હજાર નવા પંચાયત ભવન બન્યા છે. પંચાયતથી સંસદ સુધી અમારી નિષ્ઠા એક છે. દેશનો વિકાસ, દેશના લોકોનો વિકાસ રહ્યો છે. ૧૫ ઓગસ્ટે મે લાલકિલ્લા પરથી કહ્યું હતુ. આ સમય છે સાચો સમય છે. દરેક દેશમાં એક એવો સમય આવે છે કે નવી ચેતના પ્રગટે છે.વડાપ્રધાને કહ્યું કે આપણું બંધારણ જ આપણો સંકલ્પ છે, આ સંસદ દેશનુ પ્રતિનિધિત્વ કરે છે. જે રોકાઈ જાય છે તેનુ ભાગ્ય પણ રોકાઈ જાય છે. જે ચાલતો જાય છે તેનુ ભાગ્ય પણ ચાલતુ રહે છે. ગુલામી બાદ બહુ બધુ ગુમાવીને આપણે યાત્રા શરુ કરી હતી. અનેક ઉતાર ચડાવ બાદ, કસોટી બાદ આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યા છીએ. ભારતના ભવિષ્યને ઉજ્જવળ બનાવનાર કાર્યસ્થળને પણ નવુ અને આધુનિક હોવુ જોઈએ. દુનિયાના સૌથી સમૃદ્ધ અને વૈભવશાળી રાષ્ટ્રોમાં ભારતની ગણના થાય છે. મંદિર, વાસ્તુ વગેરે દેશની વિશેષજ્ઞા છે. સેંકડો વર્ષની ગુલામીએ આપણું ગૌરવ છીનવી લીધુ હતુ. ભારત આજે ગુલામીની વિચારણસરણીને પાછળ છોડી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ સંબોધન કરતા કહ્યું કે, સંસદની નવી ઈમારત આપણા પ્રયાસનું જીવંત ઉદાહરણ બન્યુ છે. નવી સંસદ દરેક ભારતીયના ગર્વની વાત છે. લોકસભાનો આંતરીક ભાગ મોર આધારિત છે. રાજ્યસભાનો આંતરીક ભાગ કમળ આધારિત છે. સંસદનું પ્રાગણમાં વડ પણ છે.

ત્રિકોણાકાર આકારના ચાર માળના સંસદ ભવનનો બિલ્ટ-અપ એરિયા ૬૪,૫૦૦ ચોરસ મીટર છે. નવી સંસદમાં લોકસભામાં ૮૮૮ અને રાજ્યસભામાં ૩૮૪ સભ્યો માટે બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યારે સંયુક્ત સત્ર માટે લોકસભા સભાખંડમાં ૧,૨૭૨ સભ્યો બેસી શકે છે. સંસદની હાલની ઈમારત ૯૬ વર્ષ જૂની છે. જેનું બાંધકામ ૧૯૨૭માં પૂર્ણ થયું હતું. ઉદ્‌ઘાટન પહેલા લુંટીયન્સ દિલ્હીમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી પોલીસે પહેલેથી જ એક ટ્રાફિક એડવાઈઝરી જાહેર કરી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે નવી દિલ્હી જિલ્લાને ઉદ્ઘાટનના સમયગાળા માટે કન્ટેનમેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો નવી સંસદ ભવન ઉચ્ચ સુરક્ષાવાળા વિસ્તારમાં સ્થિત છે. પોલીસે કહ્યું કે વધારાના સુરક્ષા કર્મચારીઓની તૈનાતી ઉપરાંત સીસીટીવી કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી હતી.

## વેસ્ટર્ન રેલવેની આરપીએફ ટીમ દ્વારા ગેરકાયદે કમિશન વસૂલતા લોકો સામે કાર્યવાહી, ૨૬ લાખથી વધુની ટિકિટો જપ્ત કરી ૭૧ની ધરપકડ

અમદાવાદ,

પશ્ચિમ રેલ્વે વેઈટિંગ લિસ્ટ ટિકિટ ધરાવતા મુસાફરો પાસેથી વધુ પડતું ગેરકાયદે કમિશન વસૂલતા ટાઉટ્સ સામે ખાસ ડ્રાઈવ અને દરોડા પાડી રહી છે. મે, ૨૦૨૩માં, પીઆરએસ તરફથી જારી કરાયેલી ટ્રાવેલ ટિકિટ અને ઈ-ટિકિટ સાથે સંકળાયેલા ૬૩ કેસ નોંધાયા હતા અને રૂ.૨૬,૬૧,૩૧૦ની કિંમતની ટિકિટો જપ્ત કરીને ૭૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરના જણાવ્યા મુજબ. મુંબઈ ડિવિઝનના આરપીએફ ની વિન્ડો ટિકિટો અને ઈ-ટિકિટની ટાઈટીંગ સામેની વિશેષ ઝુંબેશમાં, અંધેરી સ્ટેશન (સાકી નાકા વિસ્તાર) પર એક ટાઉટની ધરપકડ કરવામાં આવશે.) ૧૫ મે, ૨૦૨૩ના રોજ.) ૧૪ વિન્ડો ટિકિટો સાથે. પશ્ચિમ રેલવેના આરપીએફને સાકી નાકા વિસ્તારમાં ટ્રેનની ટિકિટના ગેરકાયદે વેચાણ અંગે માહિતી મળી હતી. તદનુસાર, ગુનેગારોને પકડવા માટે આરપીએફ અને તકેદારી વિભાગની સંયુક્ત ટીમ બનાવવામાં આવી હતી.

ટીમે અલીમ ખાન નામના વ્યક્તિને ૧,૦૩,૯૮૫ રૂપિયાની કુલ ૧૪ વિન્ડો ટિકિટ સાથે પકડી પાડ્યો હતો. આની સામે ૧૬ મે, ૨૦૨૩ના રોજ આરપીએફ પોસ્ટ, અંધેરીમાં કેસ નોંધવામાં આવ્યો હતો. પૂછપરછમાં, અલીમ ખાને ખુલાસો કર્યો કે તે સાકી નાકાના રહેવાસી અફઝલ નફીસ ખાન સાથે મળીને આ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતો હતો અને સિક્કિમ, આસામ, ઉત્તર પ્રદેશ અને પંજાબ રાજ્યોમાં દૂરના પીઆરએસ કાઉન્ટર પરથી ટિકિટ બુક કરવામાં આવતી હતી. તેની પાસેથી મળેલી માહિતીના આધારે અફઝલ નફીસ ખાનની ૨૨ મે ૨૦૨૩ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.

સુમિત ઠાકુરે જણાવ્યું હતું કે તપાસ દરમિયાન અફઝલ નફીસ ખાને માહિતી આપી હતી કે તે ગ્રાફિક ડિઝાઈન સોફ્ટવેર દ્વારા રેલ્વે ટિકિટ પર છપાયેલા કોડને છુપાવીને નકલી ટિકિટો બનાવતો હતો. તેણે એક ડેમો પણ આપ્યો છે કે તે આ રીતે આ ટિકિટો કેવી રીતે પ્રિન્ટ કરી રહ્યો હતો. આરપીએફ, અંધેરીએ આ બાબતની જાણ સિટી પોલીસને કરી, જેના આધારે તેની સામે કેસ નોંધવામાં આવ્યો. આગળની કાર્યવાહીમાં આ કેસમાં વધુ બે વ્યક્તિઓ રાશિદ ખાન અને અનવર શાહની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧,૨૫,૧૭૦ રૂપિયાની ૩૭ લાઈવ ટ્રાવેલ કમ રિઝર્વેશન ટિકિટ, ૫,૬૧,૦૯૫ રૂપિયાની ૧૯૧ ઈ-ટિકિટ, રૂપિયા ૨૧,૨૫૦ રોકડા, ૨ લેપટોપ અને ૧ પ્રિન્ટર પણ જપ્ત કરવામાં આવ્યા હતા. આ મામલે આરપીએફ અને શહેર પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

### મહારાષ્ટ્રની રાજનીતિના અખાડામાં નવી પાર્ટીની એન્ટ્રી

## છત્રપતિ શિવાજી મહારાજના વંશજની વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત

મુંબઈ,

છત્રપતિ શિવાજી મહારાજના વંશજ સંભાજી રાજેએ ૨૭ મે, શનિવારે એક મોટી જાહેરાત કરી હતી. આ જાહેરાત તેમની પાર્ટી ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડશે તેવી હતી. એટલે કે હવે મહારાષ્ટ્રના ચૂંટણી મેદાનમાં વધુ નવી પાર્ટી ઉતરશે. આ એન્ટ્રીએ આગામી ચૂંટણીને ત્રિકોણીય બનાવી દીધી છે. એક તરફ ઠાકરે જૂથ અને સંભાજી બ્રિગેડનું ગઠબંધન છે અને બીજી તરફ ભાજપ અને શિંદે જૂથની શિવસેનાનું ગઠબંધન છે. ઘણી નાની પાર્ટીઓ પણ પોતાનું અસ્તિત્વ બતાવી રહી છે અને હવે રાજ્યના રાજકારણમાં વધુ એક નવો પક્ષ પ્રવેશ્યો છે. એક સમયે ભાજપના સાથી રહેલા આ મોટા નેતાએ નવી પાર્ટી શરૂ કરવાની જાહેરાત કરી છે. સ્વરાજ્ય સંગઠન (સંગઠન) દ્વારા સંભાજી રાજેએ ૨૦૨૪ની ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.

પૂણેમાં સંભાજી રાજેની હાજરીમાં સ્વરાજ્ય ભવનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પછી પત્રકાર પરિષદમાં સંભાજી રાજેએ ૨૦૨૪ની ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, સ્વરાજ્ય ભવન તૈયાર કરવામાં આવ્યું છે, જેથી દરેક વ્યક્તિ પોતાની સમસ્યાઓ લઈને અહીં આવશે અને તેનું નિરાકરણ થશે. અહીં દરેકની સમસ્યાઓ સાંભળવામાં આવશે. આ ઓફિસ લોકોને ઉકેલ આપવાનું કામ કરશે. સ્વરાજ્ય સામાન્ય લોકો માટે છે તેથી ઉદ્‌ઘાટન પણ તેમના જ હાથે થયું હતું.

બીજી તરફ સંભાજીના નામ પર રાખવામાં આવેલી સેના એટલે કે સંભાજી બ્રિગેડ પણ લોકસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે. સંભાજી બ્રિગેડે ઉદ્ધવ ઠાકરે પાસેથી ત્રણ બેઠકો પર ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. સંભાજી બ્રિગેડ ઠાકરે જૂથ પાસેથી પૂણે, હિંગોલી અને બુલઢાણા સીટોની માંગ કરી રહી છે. સંભાજી બ્રિગેડ બે-ત્રણ બેઠકો પર લોકસભાના ઉમેદવારો ઉતારવાની તૈયારી કરી રહી છે.

સંભાજી બ્રિગેડના રાજ્ય પ્રવકતા શિવાનંદ ભાનુસેએ માહિતી આપી હતી કે બે દિવસ પહેલા ઉદ્ધવ ઠાકરે સાથે થયેલી બેઠકમાં ત્રણ બેઠકોની માંગ કરવામાં આવી હતી. ઉદ્ધવ ઠાકરેએ સંભાજી બ્રિગેડ સાથે ગઠબંધન જાળવી રાખવું હોય તો ત્રણ સીટોનું બલિદાન આપવું પડશે. આ ઉપરાંત, ઉદ્ધવ ઠાકરે પર પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી માટે મહાવિકાસ અઘાડીમાં તેમના ક્વોટામાંથી બે-ત્રણ બેઠકો છોડવાનું દબાણ છે.

## સુરત વિદ્યુત સહાયક પરીક્ષામાં ગેરરીતિ કેસમાં વધુ ૩ આરોપીની ધરપકડ

સુરત,

સુરત વિદ્યુત સહાયક પરીક્ષામા ગેરરીતિ કેસમાં વધુ ૩ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જેની સાથે કુલ ૧૧ આરોપીઓની ધરપકડ થઈ છે. આ આરોપીઓની પૂછપરછમાં ખુલાસો થયો છે કે કૌભાંડી ગેંગે અત્યાર સુધીમાં ૩૦૦ ઉમેદવારોને પાસ કરાવ્યા છે. જેના માટે કુલ ૩૦ કરોડથી વધુ રૂપિયા ખંખેર્યા છે. જેમાં આરોપી નિશીકાંત સિન્હા, સલીમ નિઝામુદ્દીન, મનોજ મકવાણા અને નિકુંજ પરમારનો સમાવેશ થાય છે.

જેમાં આરોપી નિશીકાંત સિન્હા ભાયલીમાં વડોદરા ઈન્સ્ટીટ્યૂટ ઓફ એન્જિનિયરિંગ કૉલેજનો લેબ ઈન્ચાર્જ હતો. ૨૦૧૯માં રાજસ્થાન બીટ્સ પીલાની કૉલેજમાં વિદ્યાર્થીઓના ગેરકાયદે એડમિશનના ગુનામાં નિશીકાંત સિન્હાની સીબીઆઈએ ધરપકડ કરી હતી અને તિહાડ જેલમાં ધકેલ્યો હતો. બીજા આરોપી સલીમ નિઝામુદ્દીન ઢાપાએ ૩૦ ઉમેદવારોને પાસ કરાવી ૩ કરોડ પડાવ્યા હતા. એજન્ટ મનોજ મંગળ મકવાણાએ ૪ ઉમેદવારોને પાસ કરાવી ૪૦ લાખ પડાવ્યા હતા. જ્યારે નિકુંજ પરમારે ૪ ઉમેદવારોને પાસ કરાવી ૪૦ લાખ પડાવ્યા હતા.

## સેના પ્રમુખ હિંસાગ્રસ્ત મણિપુર પહોંચ્યા, કાલથી શાહ મુલાકાતે, ૩૧ સુધી નેટ બંધ રહેશે

ઈમ્ફાલ,

મણિપુરમાં હિંસા અટકતી નથી. પરિસ્થિતિનો તાગ મેળવવા સેનાપ્રમુખ જનરલ મનોજ પાંડે મણિપુર પહોંચ્યા હતા. બે દિવસની મુલાકાતે આવેલા પાંડેએ રાજ્યપાલ અનસુઈયા ઉઈકે, મુખ્યમંત્રી બીરેન સિંહ સહિત અન્ય ટોચના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી ૨૯મેથી ૩ દિવસની મણિપુરની મુલાકાતે આવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી નિત્યાનંદ રાય અહીં પહોંચી ગયા છે. નિત્યાનંદ રાય શનિવારે બિન-કુકી નેતાઓને પણ મળ્યા હતા. રાજ્યમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધ ૩૧મે સુધી લંબાવાયો છે. સેનાએ ત્રણ આરએએફ કર્મીઓને તત્કાલ અસરથી સસ્પેન્ડ કર્યા છે. સૂત્રો મુજબ તેના પર કથિતરૂપે દુકાનોમાં આગ લગાવાની કોશિશનો આરોપ હતો.

મણિપુરમાં સુરક્ષા છતાં પણ હિંસા બંધ થવાનું નામ લેતી નથી. તેનાથી વિદેશી તાકાતોનું ષડ્યંત્ર દેખાવા લાગ્યું છે. મ્યાનમારથી સતત વિસ્થાપિતોના રૂપમાં ૫૦ હજારથી વધુ લોકો મિઝોરમ અને મણિપુરમાં ઘૂસ્યા છે. તેમાં કેટલાક ઉગ્રવાદી અને મ્યાનમાર સૈન્ય જુંતા પોષિત આતંકી છે, જેને શોધવા એ મોટો પડકાર છે. કુકી ઉગ્રવાદીઓ એકવાર ફરી સક્રિય થયા છે. શુક્રવારે વિષ્ણુપુરમાં ફાયરિંગ કરતાં એક મંડપ સહિત મૈતેઈયોનાં ૩૦ ઘરોને સળગાવી દીધાં.

## BSFએ વધુ એક પાકિસ્તાની ડ્રોન તોડી પાડ્યું, હેરોઈનના જથ્થા સાથે દાણચોરની ધરપકડ

અમૃતસર,

પંજાબના અમૃતસરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર તૈનાત બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)ના જવાનોએ ડ્રગ્સની દાણચોરીના પાકિસ્તાનના વધુ એક નાપાક પ્રયાસને નિષ્ફળ બનાવીને ડ્રોનને તોડી પાડ્યું હતું. આ સાથે નશીલા પદાર્થોના કન્સાઈનમેન્ટ સાથે ભાગી ગયેલા તસ્કરને પકડી પાડવામાં સફળતા મળી છે.

માહિતી આપતા બીએસએફના જનસંપર્ક અધિકારીએ રવિવારે જણાવ્યું કે શનિવારે રાત્રે લગભગ ૯.૩૫ મિનિટે આ વિસ્તારમાં તૈનાત બી.એસ.એફ. અમૃતસરના જવાનોએ ધનોયે ખુર્દ ગામ પાસે એક શંકાસ્પદ ડ્રોનનો અવાજ સાંભળ્યો હતો. અવાજ સાંભળીને સૈનિકોએ તરત જ ફાયરિંગ કરીને ડ્રોનને મારી નાખ્યું. આ પછી, વિસ્તારમાં સર્ચ દરમિયાન, બીએસએફ,સીઆરપીએફના જવાનોએ ધનોયે ખુર્દના મેદાનમાંથી એક ડ્રોન (ક્વાડકોપ્ટર,ડીજેઆઈ મેટ્રિસ આરટીકે ૩૦૦) રિકવર કર્યું. દરમિયાન ધનોયે ખુર્દ ગામ પાસે તૈનાત સૈનિકોએ ત્રણ શંકાસ્પદ માણસોને ગામ તરફ ભાગતા જોયા. સૈનિકોએ ત્રણ પેકેટ (કુલ વજન આશરે ૩.૪ કિગ્રા) ધરાવતા માદક દ્રવ્યોના કન્સાઈનમેન્ટ ધરાવતી બેગ સાથે એક શંકાસ્પદને પકડી પાડ્યો હતો. જે બેગમાં માદક દ્રવ્યોનો જથ્થો હતો તેમાં લોખંડનો હૂક હતો અને તેની સાથે ચાર ચમકદાર પટ્ટીઓ જોડાયેલ હતી.

## દિલ્હી-ચંદીગઢ કેન્દ્રોમાંથી પંજાબી બુલેટિન બંધ કરવાના નિર્ણયનો ધામીએ વિરોધ કર્યો

અમૃતસર,

શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિના પ્રમુખ, એડવોકેટ હરજિન્દર સિંહ ધામીએ દેશની રાજધાની દિલ્હી અને પંજાબની રાજધાની ચંદીગઢથી કાર્યરત ઓલ ઈન્ડિયા રેડિયો સ્ટેશનોના પંજાબી સમાચાર બુલેટિનને બંધ કરવાની સખત નિંદા કરી છે. તેમણે કહ્યું કે સરકારનો આ નિર્ણય પંજાબ અને પંજાબી ભાષા પ્રત્યે ભેદભાવપૂર્ણ છે, જેને તાત્કાલિક પાછો ખેંચવો જોઈએ. એડવોકેટ ધામીએ જણાવ્યું હતું કે દિલ્હીમાં મોટી સંખ્યામાં પંજાબીઓ રહે છે જયારે ચંદીગઢ પંજાબની રાજધાની હોવાથી અહીંથી પંજાબી ભાષાના બુલેટિનને સમાપ્ત કરવું એ પંજાબ અને પંજાબીઓ સાથે ભેદભાવ કરવા જેવું છે.

શિરોમણી સમિતિના પ્રમુખે કહ્યું કે અડધી સદીથી વધુ સમયથી ચાલી રહેલા પંજાબી બુલેટિનને બંધ કરવું એ સરકારની પક્ષપાતી વિચારસરણી દર્શાવે છે, જેના કારણે પંજાબીઓમાં નિરાશા થવી સ્વાભાવિક છે. તેમણે કહ્યું કે સરકારોએ પ્રાદેશિક ભાષાઓને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવા જોઈએ પરંતુ તેનાથી વિપરીત થઈ રહ્યું છે. એડવોકેટ ધામીએ કહ્યું કે આ ખૂબ જ ગંભીર મામલો છે જેના પર સરકારે પુનર્વિચાર કરવો જોઈએ અને પંજાબી બુલેટિનને પહેલાની જેમ ચાલુ રાખવાનો આદેશ આપવો જોઈએ.

## ગુજરાતમાં ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરશે : CM ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,

ગુજરાત સરકાર ગ્રીન હાઈડ્રોજન મિશન અંતર્ગત ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. આ માહિતી ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલે નીતિ આયોગ ગવર્નિંગ કાઉન્સિલની બેઠક આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય રિન્યુએબલ એનર્જી સાથે ગ્રીન ગ્રોથ હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે. સીએમ ભૂપેન્દ્ર પટેલ કહ્યું "ગુજરાતની રિન્યુએબલ એનર્જી ક્ષમતા ૨૦ ગીગાવોટ (જીડબલ્યુ) સુધી પહોંચી ગઈ છે. તે ભારતની કુલ રિન્યુએબલ એનર્જી ક્ષમતાના ૧૫ ટકા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ ગુજરાતે ગ્રીન હાઈડ્રોજન મિશન હેઠળ ૧૦૦ ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ઉત્પન્ન કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે" મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે પીએમ ગતિ શક્તિના સંકલિત પોર્ટલમાં કેન્દ્ર અને રાજ્યના ડેટા સ્તરોને એકીકૃત કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. જેના લીધે આયોજનની ગતિ વધી છે કારણ કે હવે પ્રોજેક્ટના આયોજન માટે ઓછો સમય લાગે છે, તેમણે ઉમેર્યું હતું કે, ગતિ શક્તિ પ્લેટફોર્મ દ્વારા ભારત નેટની સંપત્તિનો લાભ લઈને રાજ્યભરમાં ટેલિકોમ સેવા પ્રદાતાઓ દ્વારા પચસેવાઓ શરૂ કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે ગિફ્ટ સિટી, ધોલેરા અને ડ્રીમ સિટી જેવા ગ્રીનફિલ્ડ આધારિત આર્થિક શહેરો આર્થિક પ્રવૃત્તિઓ પર આધારિત શહેરોના વિકાસ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાના વડા પ્રધાનના સંકલ્પના અનુસાર ગુજરાતમાં વિકસાવવામાં આવી રહ્યા છે.

## ૨૦૨૪માં જનતા તમને આ જ શબપેટીમાં દફનાવી દેશે : ભાજપનો પલટવાર

નવીદિલ્હી,

દેશને આજે નવું સંસદ ભવન મળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા સંસદ ભવનનું ઉદ્‌ઘાટન કર્યું છે. આ ઉદ્‌ઘાટન કાર્યક્રમનો અનેક વિરોધ પક્ષોએ વિરોધ કર્યો છે. દરમિયાન, લાલુ પ્રસાદ યાદવની પાર્ટી રાષ્ટ્રીય જનતા દળે તેના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી એક વિવાદાસ્પદ ફોટો ટ્વીટ કર્યો છે. જેના પર ભાજપ આક્રમક બન્યું છે. વાસ્તવમાં રાજદના ટ્વિટર એકાઉન્ટ પરથી એક ફોટો પોસ્ટ કરવામાં આવ્યો છે. આમાં જ્યાં એક તરફ નવા સંસદ ભવનનું બિલ્ડીંગ છે તો બીજી બાજુ શબપેટીનો ફોટો છે અને કેપ્શનમાં લખ્યું છે કે 'આ શું છે?' આરજેડીના આ ટ્વીટ બાદ હંગામો શરૂ થયો છે. આ ટ્વિટ પર લોકોની અલગ-અલગ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક તેને દેશનું અપમાન કહી રહ્યા છે તો કેટલાક હિન્દુ ધર્મની મજાક ઉડાવી હોવાનું કહી રહ્યા છે. આ ટ્વીટ પર ભાજપે વળતો જવાબ આપતા કહ્યું કે ૨૦૨૪માં જનતા તેમને (રાજદ)ને આ શબપેટીમાં દફનાવી દેશે. આરજેડીના આ ટ્વીટ પર હંગામો શરૂ થઈ ગયો છે. ભાજપે પલટવાર કરતા કહ્યું કે ૨૦૨૪માં જનતા તેમને આ શબપેટીમાં દફનાવી દેશે. ભાજપે આરજેડીના ટ્વીટને ઘૃણાસ્પદ ગણાવ્યું છે અને કહ્યું છે કે આ તેમની રાજનીતિના તાબૂતમાં છેલ્લી ખીલ્લી સાબિત થશે. આરજેડી પર નિશાન સાધતા ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહજાદે કહ્યું છે કે ભારતીય વ્યવસ્થામાં ત્રિકોણ કે ત્રિભુજનું ઘણું મહત્વ છે. વેલ શબપેટી ષટ્કોણ છે અને તે ૬ બાજુઓ સાથે બહુકોણ છે. સુશીલ મોદીએ કહ્યું છે કે તેમની સામે દેશદ્રોહનો કેસ થવો જોઈએ. આરજેડી હવે આ પોસ્ટ પર સ્પષ્ટતા આપી રહી છે. પાર્ટીનું કહેવુંછે કે ભારતીય જનતા પાર્ટી દેશના ઈતિહાસને ખતમ કરવાનો પ્રયાસ કરી રહી છે. સંસદને ભાજપનું ભવન બનાવવામાં આવી રહ્યું છે. આરજેડીએ કહ્યું કે અમે સંસદનું અપમાન નથી કર્યું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# લુણાવાડા ઈન્દીરા મેદાન ખાતે નવમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં કોમન યોગા પ્રોટોકોલ તાલીમ શિબિર અને યોગ અંગે જાગૃતિ રેલી યોજાઈ



મહિસાગર,

ગુજરાત સરકારનાં રમત ગમત યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકનાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષ પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી ખુબ જ સફળ રીતે કરવામાં આવનાર છે આ કાર્યકરનાં આગોતરા આયોજનનાં ભાગરૂપે અને લોકોમાં યોગ અંગેની જાગૃતિ આવે યોગનું મહત્વ સમજાય,આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને તેના મહત્વની જાણકારી મળી રહે વધુમાં વધુ લોકો યોગ કરતા થાય તેવા ઉમદા આશયથી લુણાવાડા ઈન્દીરા મેદાન ખાતે કોમન યોગા પ્રોટોકોલ તાલીમ શિબિર અને યોગ અંગે જાગૃતિ રેલી યોજાઈ હતી.

આ રેલી ઈન્દિરા મેદાન નીકળી મુખ્ય રાજમાર્ગો પર ફરી હતી આ કાર્યકરમાં નગરના વિવિધ સંસ્થાઓ, યોગ સાધકો, શહેરીજનો, ખેલાડીઓ, પોલીસ, તાલીમાર્થીઓ, હોમગાર્ડ જવાનો, અધિકારી ,કર્મચારીઓ સહીત નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા.આ રેલી ઈન્દિરા મેદાન થી કુવારા ચોક પાસે સમાપ્ત થઈ હતી યોગ ભગાવે રોગ ઘર ઘર જાયેગે યોગ કરવાયેગે જેવા નારા સાથે સૌ શહેરીજનોને સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર થી અનિલભાઈ ત્રિવેદી નોડલ અધિકારી, લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચોહાણ, જિલ્લા રમતગમત અધિકારી હર્ષાબેન જે. ઠાકોર, જિલ્લા પ્રાંત યુવા વિકાસ અધિકારી શર્મિષ્ઠા વી. વસૈયા, ગાયત્રી પરિવાર મનહરસિંહ પરમાર, સીતારામ પરિવાર મંડળ,વિશ્વ હિન્દુ પરિષદ,લાયન્સ કલબ પ્રેસિડન્ડ, સીનીયર સિટીજન, પંતજલી જિલ્લા સરક્ષક, પંતજલી યોગ સમિતિ, વિવિધ સંસ્થાઓ જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ જવાનો સહીત મોટી સંખ્યામાં લોકો શિબિરમાં ઉપસ્થિત રહ્યા હતા.



ગોધર ગામ ખાતે વિરપરા સોલંકીની કુળદેવી શ્રી ક્ષેમકલ્યાણી માં ના નૂતન મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં શિક્ષણ મંત્રી કુબેરભાઇ ડિંડોર હાજર રહ્યાં તેઓનું ગોધર સરપંચ શ્રી હિરેન્દ્રસિંહ વિરપરાએ માતાજીના મૂર્તિ આપી સ્વાગત કર્યું હતું.

# સંતરામપુરના માનગઢ હિલ ખાતે શિક્ષણમંત્રી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યુ

સંતરામપુર,

સંતરામપુરના માનગઢ ખાતે ફોરેસ્ટ વિભાગના ચાલો કરીએ જ્ઞાન વહેંચણી અંતર્ગતના કાર્યક્રમમાં શિક્ષણમંત્રી ડો.કુબેરભાઈ ડિંડોર દ્વારા માનગઢ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ. માનગઢ ખાતે સફાઈ અભિયાન સફાઈ કરી લોકો સુધી સંદેશ પહોંચાડવામાં પર્યટકોને સ્વચ્છતાં જાળવવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં કાર્યકરો અને ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા વૃક્ષારોપણ કર્યુ. મંત્રી દ્વારા માનગઢ ખાતેના આયુર્વેદિક વનનુ સંરક્ષણ અને જતન કરવા પહેલ કરી.

# બાલાસિનોર સમયદાન કાર્યક્રમમાં જતી શિક્ષિકાને અકસ્માત, ગંભીર ઈજા

બાલાસિનોર,

મહીસાગર જિલ્લામાં વેકેશન દરમિયાન પ્રાથમિક શાળામાં વ્હાલા બાળકોના સમયદાન અંતર્ગત મહિલા શિક્ષિકા જાગૃતિબેન પંડયા શાળાએ જઈ રહ્યા હતા. દરમિયાન બોરી ડુંગરી બસ સ્ટેશન નજીક ટ્રક ચાલકે શિક્ષિકાના મોપેડને અડફેટે મારતા શિક્ષિકાને બંને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ બાદ ઘવાયેલા શિક્ષિકાને તાત્કાલિક સારવાર અર્થે અમદાવાદમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ફતેપુરા તાલુકાના સુખસર ખાતે પોલીસ અધિક્ષક બલરામ મીણાની અધ્યક્ષતામાં લોક દરબાર યોજાયો



ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર ખાતે આજરોજ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સુખસર પોલીસ સ્ટેશનમાં પોલીસ અધ્યક્ષના હસ્તે વૃક્ષારોપણ બાદ લોકફાળા થી પોલીસ સ્ટેશનના નવીન બાંધકામના ઓરડાઓનું રીબીન કાપી લોકાર્પણ કર્યા બાદ વાર્ષિક ઈન્સ્પેકશન કરવામાં આવેલ હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આજરોજ દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષકના અદયક્ષ સ્થાને સુખસર આઈ.ટી.આઈ ખાતે લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં જે–તે પોલીસ સ્ટેશન વિસ્તારના વેપારીવર્ગ, નોકરિયાત વર્ગ, ખેડૂતવર્ગ તથા શ્રમિકવર્ગના લોકોએ હાજર રહી પંથકમાં કાયદાકીય રીતે પડતી મુશ્કેલીની રજૂઆત કરી મુશ્કેલીઓને સુલજાવવા માટે લોક દરબારનું આયોજન કરવામાં આવતું હોય છે.જેમાં સુખસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૪૫ જેટલા ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આ લોક દરબારના આયોજનથી ગ્રામ્ય વિસ્તારોની પ્રજા બિલકુલ અજાણ રહી હતી.અને માત્ર સુખસર ગામના આંગળીના વેઢે ગણી શકાય તેટલા યુવાનો હાજર રહ્યા હતા.!

આજરોજ યોજવામાં આવેલ લોક દરબાર કાર્યક્રમમાં વેપારી, નોકરીયાત, ખેડૂત તથા શ્રમિક વર્ગના સહિત સામાજિક અગ્રણીઓ કે રાજકીય આગેવાનોની હાજરી જોવા મળી ન હતી. પોલીસ અધિક્ષક બલરામ મીણા દ્વારા વિસ્તારનો પોલીસને લગતો જે પણ પ્રશ્ન હોય તેની રજૂઆત કરવા જણાવતા મકવાણાના વરૂણાના ભરતભાઈ મકવાણાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, થોડા દિવસ અગાઉ સુખસર પોલીસ સ્ટેશનની નજીકમાં જ લાખો રૂપિયાની ચોરી કરી જનાર તસ્કરોને વહેલી તકે ઝડપી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવું જણાવતા પોલીસ અધિક્ષક દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, તસ્કરોનું પગેરૂ મેળવવાની પોલીસની સક્રિયતા ગતિમાન છે. અને તસ્કરોને વહેલી તકે ઝડપી કાયદાના હવાલે સોંપવામાં આવશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જી.આર.ડી, હોમગાર્ડ તથા પોલીસ જવાનો સાથે સંવાદ કર્યો હતો.અને કાયદાકીય બાબતો અને પોલીસની સક્રિયતા વિશે સમજ આપવામાં આવી હતી. અને લોકદરબારની સમાપ્તિ કરવામાં આવી હતી.

ત્યારબાદ પોલીસ અધિક્ષક બલરામ મીણા સુખસર પોલીસ સ્ટેશન પટાંગણમાં આવી પહોંચ્યાહતા. જ્યાં તેઓએ પોતાના હસ્તે વૃક્ષારોપણ કર્યું હતું. ત્યારબાદ રાજકીય તથા સામાજિક અગ્રણીઓ સહિત વેપારી વર્ગના ફાળા દ્વારા સુખસર પોલીસ સ્ટેશનમાં પહેલા માળે નવીન બનાવેલા ઓરડાઓ તેમજ રિનોવેશન કરવામાં આવેલ પી.એસ.આઈ. ચેમ્બરનું રીબીન કાપી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તેમજ પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઈન્સ્પેકશન પણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સુખસર પોલીસ સ્ટેશન દ્વારા યોજવામાં આવેલ લોક દરબારમાં દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા, ઝાલોદ ડિવિઝન નાયબ પોલીસ અધિક્ષક ડી. આર.પટેલ,ઝાલોદ વિભાગ સી.પી.આઈ. એમ.કે.ખાટ, સુખસર પી.એસ.આઈ. મિતલબેન કે. પટેલ તેમજ સુખસર પોલીસ સ્ટેશન સ્ટાફ સહિત મોટી સંખ્યામાં જીઆરડી, હોમગાર્ડના જવાનો હાજર રહ્યા હતા.

# દાહોદના માતવા ગામે પરિણિતાનો મૃતદેહ ફાંસો ખાધેલ મારી નાંખ્યાના આક્ષેપ સાથે મૃતદેહને પી.એમ. માટે ખસેડાયો



દાહોદ,

દાહોદ તાલુકાના માતવા ગામે રહેતી એક પરણિતાનો મૃતદેહ ઘરમાં લટકેલી હાલતમાં મળી આવતાં પરિવારજનો દ્વારા પરણિતાને તેના સાસરીયાઓ દ્વારા મારી નાંખી લટકાવી દેવામાં આવી હોવાના આક્ષેપો સાથે પરણિતાને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતાં.

દાહોદ તાલુકાના માતવા ગામે ઠાકોર ફળિયામાં રહેતાં પરણિતા સુનંદાબેન મુકેશભાઈ મોહનીયાની મૃતદેહ પોતાના સાસરીમાં આત્મહત્યા કરેલી હાલતમાં મળી આવ્યો હતો. આ અંગેની જાણ પરણિતાના પિયરજનોને થતાં પિયરજનો તમામ પરણિતાના સાસરી ખાતે પહોંચી ગયાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. પરણિતાના મૃતદેહને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતાં જ્યાં તબીબોએ પરણિતાને મૃત જાહેર કરતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. પરણિતાના પિયરપક્ષના વ્યક્તિઓ આક્ષેપો કર્યા હતાં કે, પરણિતાના લગ્ન ત્રણ વર્ષ પહેલાં થયાં હતાં, પરણિતાના સાસરીયા પક્ષો દ્વારા અવારનવાર શારિરીક અને માનસીક ત્રાસ આપવામાં આવતો હતો, પરણિતાને કેટલીક વાર ઘરમાંથી કાઢી મુકવામાં આવી હતી પરંતુ પંચના સમાધાન બાદ પરણિતાને ફરીવાર સાસરી પક્ષમાં મુકી આવવામાં આવતાં હતાં. સાસરીયાઓ દ્વારા પરિણાતાને મારી નાંખી તેમનો મૃતદેહ લટકાવી દેવામાં આવ્યો હોવાના આક્ષેપો પણ પરણિતાના પિયરપક્ષના વ્યક્તિઓ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. આરોપીઓને સખતમાં સખત સજા કરવામાં આવે તેવી પરિવારજનોની માંગ છે ત્યારે સમગ્ર મામલો પોલીસ તપાસમાં બહાર આવે તેમ છે. સમગ્ર મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ હાથ ધરી છે અને પરણિતાના મૃતદેહને પીએમ માટે મોકલી દેવામાં આવ્યાં હતાં.

# દે.બારીઆના પી.એસ.આઈ. પટેલની બદલીનો હુકમ થઈ ચુકયો છે પરંતુ બદલી સ્થગિત કરવાના પ્રયત્નો જારી છે

દે.બારીઆ,

દે.બારીઆ શહેર અને તાલુકાના સબ ઈન્સ્પેકટર પટેલ ૧૦ મહિના પહેલા દે.બારીઆ મુખ્ય પી.એસ.આઈ. તરીકે ધાનપુર પોલીસ સ્ટેશનથી આવ્યા હતા. ખાસ કરીને તેમના સમય દરમિયાન સાગટાળા આઉટ પોલીસ સ્ટેશનની હદમાં દારૂના બુટલેગરોએ અમદાવાદના પોલીસ ઉપર સુયોજીત હુમલો થયો હતો.

મળતી માહિતી અનુસાર દે.બારીઆના સબ ઈન્સ્પેકટર પટેલને એક વર્ષ પણ પુરો થયો નથી અને તેમની બદલીનો હુકમ મળી ચુકયો છે. તેઓને અમદાવાદ તરફ બદલીનો ઓર્ડર થયો હોવાનો અહેવાલ પ્રાપ્ત થયો છે. તેઓ બદલીની જગ્યાએ સમય મર્યાદા ખતમ થયા પહેલા બદલીની જગ્યાએ ક્યારે જાય તે જોવુ રહ્યુ.અંદરના મળતા સુત્રો અનુસાર તેઓ બદલીના હુકમ સ્થગિત કરાવવા માટે ભરચક પ્રયત્નો પણ કરી રહ્યા છે. દે.બારીઆ શહેરને અલદિા કરવુ પડશે તે આવનારો સમય જ બતાવશે.

# ધાનપુરના ગરબડી રોડ ઉપર શંકાસ્પદ યુવકની તપાસ દરમિયાન દેશી બનાવટનો તમંચો ઝડપાયો

દાહોદ,

દાહોદ એસઓજી પોલિસે બપોરના સમયે ધાનપુરના ગરબડી ગામે નવી ગરબડી વળાંક પાસે રોડ પરથી શંકાસ્પદ લાગતા યુવકની તલાસી લેતા રૂ.૨૫૦૦ની કિંમતના દેશી હાથ બનાવટનો તમંચો પકડી પાડી કબ્જે લીધાનું જાણવા મળેલ છે.

દાહોદ એશઓજી પોલિસ ધાનપુર પોલિસ સ્ટેશનના હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન એસઆએજી ગામના જુની ગરબડી મેડા ફળિયામાં નરવતભાઈ છગનભાઈ યુવક પોતની પાસે દેવી હાથ બનાવટનો તમંચો રાખી ખલતા ગામે નવી ગરબડી પર ઉભો છે જે બાતમીને આધારે એસઓજી પોલિસે જરૂરી વોચ રાખી બાતમીમાં જણાવેલ નરવતભાઈ છગનભાઈ મેડાને ઝડપી પાડ્યો હતો. અને તેની તલાસી લઈ અંગ કબ્જામાંથી રૂ.૨૫૦૦નો કિમતનો હાથ બનાવટનો તમંચો પકડી પાડી કબ્જે લીધો હતો.

# ફતેપુરાના મારગાળા ગામે પંચાણુ કરવા મામલે ઝઘડામાં ચાર વ્યકિતઓને માર મારતા ઈજાઓ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના મારગાળા ગામે પંચાણું કરવા મામલે થયેલ ઝઘડા તકરારમાં ચાર જેટલા ઈસમોએ મારક હથિયારો વડે ચાર વ્યક્તિઓને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૭મી મેના રોજ ફતેપુરા તાલુકાના મારગાળા ગામે નાનીપચોર ફળિયામાં રહેતાં ભરતભાઈ દામાભાઈ ભાભોર તથા તેમના પોતાના કુંટુંબના રમસુભાઈ કમજીભાઈ ભાભોરના ઘરે પંચાણામાંથી પોતાના ઘરે જતાં હતાં તે સમયે તેઓના ગામમાં રહેતાં બિજલભાઈ ધનાભાઈ, મનિષભાઈ તેરસીંગભાઈ, વિક્રમભાઈ હકુભાઈ, હકુભાઈ રાણજીભાઈ તમામ જાતે ભાભોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના હાથમાં મારક હથિયારો ધારણ કરી ભરતભાઈ તથા તેમના પરિવારજનો પાસે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો મોટા આગેવાન થઈ ગામમાં પંચાણું કરો ચો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને લાકડી વડે, કુહાડીની મુદર વડે, ભરતભાઈને, કમજીભાઈને, ભુરસીંગભાઈને અને અનિલભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી, લોહી લુહાણ કરી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત ભરતભાઈ દામાભાઈ ભાભોરે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના સાહડા સબ સેન્ટર ખાતે માસીક સ્વચ્છતા દિવસની ઉજવણી કરાઈ



દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના સાહડા સબ સેન્ટર ખાતે માન.ચઅખઘ ડો રાકેશ વોહનીયા સર અને માનનીય THO ડો.ડાભી સર ના માર્ગદર્શન હેઠળ Adolescent Friendly Health Club Meeting તેમજ માસિક સ્વચ્છતા દિવસ ની ઉજવણી કરવામાં આવી. જેમાં ચઅખઘ દ્વારા માસિક સ્વચ્છતા વિશે, હેન્ડ હાઈજીન તેમજ પોષણ વિશે માહિતી આપી, ઉપરાંત ગચઅજ માટે ક્વોલિટી ટીમ અને મીટીંગ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું. પ્રોગ્રામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાંચવાડાના મેડિકલ ઓફીસર આર બી એસ કે ટીમ, સીએચઓ તેમજ અન્ય સ્ટાફ હજાર રહ્યા હતા.

# દાહોદ પંચાલ નવયુવક મંડળ વિશ્વકર્મા મંદિર ખાતે પ્રાણ પ્રતિષ્ઠા અને મંડળની ૫૦ વર્ષની સુવર્ણ જયંતિ ઉજવાઈ



દાહોદ,

દાહોદ શહેરમાં પંચાલ નવયુવક મંડળ, દાહોદ દ્વારા શ્રી વિશ્વકર્માચ મંદિર, દાહોદ ખાતે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ પંચાલ નવયુવક મંડળ, દાહોદના ૫૦ વર્ષ પુર્ણ થતાં તે નિમિત્તે સુવર્ણ જયંતિમ મહોત્વનું આયોજન કરવામાં આવેલ છે. આ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે ત્યારે આજે તારીખ ૨૭મી મેના રોજ હવન પુજા પ્રારંભ થયો હતો ત્યાર બાદ શહેરમાં ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જેમાં સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

શ્રી વિશ્વકર્મા મંદિર દાહોદનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તેમજ પંચાલ નવયુવક મંડળ, દાહોદના ૫૦ વર્ષ પૂર્ણતા નિમિત્તે સુવર્ણ જયંતિ મહોત્સવ નું આયોજન કરવામાં આવેલ છે જેમાં તા.૨૬.૦૫.૨૦૨૩ને શુક્રવારના રોજ પંચાલ નવયુવક મંડળ, દાહોદના ૫૦ વર્ષ નિમિત્તે સ્વપન સિદ્ધિ અંકનુ વિમોચન સમય રાત્રીના ૮.૦૦ કલાકે, ભજન સંધ્યા (વેશ ભૂસા સહિત) કલાકાર દ્વારકા મંત્રી–દેવાસ વાળા સમય રાત્રીના ૯.૦૦ કલાકે, કરવામાં આવ્યું હતું ત્યાર બાદ તા.૨૭.૦૫.૨૦૨૩ને શનિવારના રોજ હવન પૂજા પ્રારંભ સમય સવાર ના ૮.૦૦ કલાકે, મૂર્તિઓની શોભાયાત્રા સમય સાંજના ૪.૧૫ કલાકે, બેન્ટ વાજાની સંગીતમય સુરાવલી સાથે સોભાયાત્રા રાસ ગરબાની રમઝટ સાથે આકર્ષણની ઝાંખી સાથે વેશ ભુસા નાના ભૂલકાંની ઝાંખી આકર્ષણ મય જોવા મળી હતી સોભાતાત્રા પરત નિજ મંદિર આવી હતી તથા રાત્રી ના આઠ વાગ્યે સંગીત મય આંદનો ગરબો તેમજ રાશ ગરબા (આનંદ નો ગરબો શ્રી વિશ્વકર્મા પંચાલ મહિલા મંડળ, દાહોદ દ્વારા) સમય રાત્રીના ૯.૦૦ કલાકે ઉજવવામાં આવ્યો હતો તમામ કાર્યક્રમ યજ્ઞશાળા સ્થળ શ્રી વિશ્વકર્મા મંદિર પંચાલ સમાજની વાડી, દાહોદ ખાતે રાખવામાં આવેલ છે. સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ ભોજનશાળા સ્થળ રામાનંદ પાર્ક, એમ.જી.વી.સી.એલ. બ્રિજ પાસે, દાહોદ ખાતે રાખવામાં આવેલ છે.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. પટેલ વિજયાબેન રજનીકાન્ત
જ.તા.૧૩/૦૫/૧૯૬૬
સ્વ.તા.૨૮/૦૫/૨૦૨૨ ને શનિવાર

જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા
આપનો આનંદિત અને સરળ સ્વભાવ
હંમેશા માર્ગદર્શી રૂપે અમારી સાથે રહેશે.
ભગવાન દિવંગત આત્માને
શાંતિ આપે તેવી પ્રાર્થના.

લિ. પટેલ રજનીકાન્ત મંગળભાઇ
પટેલ ભૌમિક રજનીકાન્ત - પટેલ મનીષાબેન ભૌમિક
પટેલ જૈનીલ ભૌમિક

# આપની આજ.......

મેષ : દિવસની શરૂઆતમાં થોડો તણાવ રહી શકે છે. પતિ-પત્નીના સંબંધોમાં મધુરતા રહેશે. ધનના લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની શકે છે.

વૃષભ : અકારણ જ કોઇ વિવાદમાં પડશો નહીં. આજે કંઇક નવું કરવાની ઇચ્છા અને જોશ રહેશે. પારિવારિક પરિસ્થિતિઓ સુખદ અને સુખમય રહેશે.

મિથુન : આજે મોટાભાગનો સમય માર્કેટિંગને લગતા કાર્યોમાં પસાર થશે. આજે સ્વાસ્થ્યમાં થોડી નબળાઇ અને થાક અનુભવ થશે. ઘરમાં થોડી સુખ-સુવિધાઓને લગતી વસ્તુઓની ખરીદદારી થશે.

કર્ક : કાર્યસ્થળમાં કોઇ મુશ્કેલી આવવાથી કોઇ અનુભવી વ્યક્તિનું માર્ગદર્શન અને સલાહ તમારા માટે ઉપયોગી રહેશે. પ્રેમ સંબંધમાં ભાવનાત્મક સ્તર ગાઢ બનશે. અચાનક જ કોઇ ખર્ચ સામે આવવાથી આર્થિક સ્થિતિ ખરાબ થઇ શકે છે.

સિંહ : નોકરી કે વ્યવસાયમાં કોઇ પ્રકારે પેપરને લઇને ગડબડી થઇ શકે છે. આ સમયે ઘરના કોઇ વડીલ સભ્યના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી છે.

કન્યા : પારિવારિક વાતાવરણ સુખદ તથા પ્રેમ પૂર્ણ રહી શકે છે. રાજકીય કાર્યોમાં કોઇ મહત્ત્વપૂર્ણ વ્યક્તિની મદદ મળી શકે છે. કોઇ વિવાદિત મામલો કોઇની દખલ દ્વારા ઉકેલાઇ શકે છે.

તુલા : જીવનસાથી સાથે ઘરની વ્યવસ્થાને લઇને થોડો તણાવ રહી શકે છે. કોઇ વસ્તુના ખોવાઇ જવાથી કે રાખીને ભૂલી જવાની સ્થિતિ બની શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે. તમારા સિદ્ધાંતો ઉપર અડગ રહેવું તમારા વ્યક્તિત્વને વધારે નિખારશે.

વૃશ્ચિક : કોઇ જૂના મિત્ર સાથે મુલાકાત થવાથી તમે ફ્રેશ રહેશો. વ્યવસાયમાં આ સમયે આર્થિક સ્થિતિ અનુકૂળ રહેશે. પારિવારિક મામલાઓને શાંતિથી ઉકેલો. થોડી નકારાત્મક વાતો પણ સામે આવી શકે છે.

ધનુ : પતિ-પત્ની એકબીજાની ભાવનાઓનું સન્માન કરશે. કામકાજમાં તમે વ્યસ્ત રહી શકો છો. કામ વધારે હોવા છતાં તમે ઘર-પરિવાર માટે પણ સમય કાઢી લેશો.

મકર : આજનો દિવસ તમને અનેક રીતે સફળતા આપનાર રહેશે. પ્રેમ સંબંધ વધારે ગાઢ બનશે. શરદી, તાવ વગેરે થઇ શકે છે. તમારી કાર્યપ્રણાલીમાં ફેરફાર વ્યવસાય માટે પોઝિટિવ રહેશે.

કુંભ : જીવનસાથીનો ઘર-પરિવાર પ્રત્યે પૂર્ણ સહયોગ રહેશે. તમારા ઈગો અને ગુસ્સા જેવી ખામીઓ ઉપર કાબૂ મેળવવાની કોશિશ કરો. વ્યક્તિગત વ્યસ્તતાના કારણે કાર્યક્ષેત્રમાં વધારે ધ્યાન આપી શકશો નહીં.

મીન : વ્યવસાયિક બધા જ કાર્યો યોગ્ય રીતે ચાલતાં રહેશે. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આ સમયે તમારા વ્યવહારને સહજ જાળવી રાખો તો સારું રહેશે. આજે તમે યોજનાબદ્ધ રીતે તમારી કાર્યપ્રણાલી બનાવશો અને સફળ પણ રહેશો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦ ના કંગાળ પરિણામ માટે જવાબદાર સરકારી પ્રાથમિક શાળાઓનો કથળેલો વહીવટ : મનોમંથન જરૂરી

- જિલ્લાની ગ્રામ્ય વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧ થી ૭ સુધી ભણતા બાળકોને ગુજરાતી લખવા-વાંચવાના પણ ફાફા!?
- દાહોદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કથળેલા શિક્ષણના કારણે લોકો પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં અભ્યાસ કરાવવા મજબૂર.
- દાહોદ જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક શાળાઓ સહીત કોલેજોમાં ગાંધીજી, બાબા સાહેબ આંબેડકર કે વીર ભગતસિંહ જેવા સપૂતો પેદા કરવાની ક્ષમતા મરી પરવારી છે.!

દાહોદ,

દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી પ્રાથમિક શાળાના શિક્ષણની સ્થિતિ ઉપર મનોમંથન જરૂરી છે. જિલ્લામાં ગરીબ,અભણ આદિવાસી પ્રજામાં લોક જાગૃતિનો સંચાર થવા છતાં પોતાના ગામ અને ઝાપામાં સરકાર દ્વારા મફત મળતા શિક્ષણના ખાડે જઈ રહેલા વહીવટ સામે સ્થાનિક શિક્ષિતો તથા વહીવટી તંત્રો દ્વારા આંખ આડા કાન કરી હજારો રૂપિયા ફી આપી પોતાના સંતાનોને ખાનગી શાળાઓમાં શિક્ષણ મેળવવા મજબૂર બનાવી રહ્યા છે.

વિગતે જોઈએ તો દાહોદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિન પ્રતિદિન સરકારી પ્રાથમિક શિક્ષણની સ્થિતિ કંગાળ બનતી જાય છે. હજારો રૂપિયાના પગારદાર શિક્ષકો દ્વારા બાળકોને મળવા જોઈતા પાયાના શિક્ષણથી વંચિત રાખી ભવિષ્યના નાગરિકો સાથે હળહળતો અન્યાય થઈ રહ્યો હોવાનું જણાય છે. ધોરણ એક થી સાતમાં અભ્યાસ કરતા મોટાભાગના બાળકોને ગુજરાતી લખવા–વાંચતા તો ઠીક પરંતુ શુદ્ધ ગુજરાતી બોલવાના પણ ફાફાં પડે છે. ગ્રામ્ય વિસ્તારોમાં રોકટોકના અભાવે અનેક શિક્ષકો મરજી મુજબ પોતાની ફરજ બજાવી શાળા,બાળકો,સરકાર તથા ભવિષ્ય સાથે અન્યાય કરી રહ્યા છે. આ બાબત કલ્પના કે આક્ષેપ નહીં પરંતુ સત્ય હકીકત છે.જો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની પ્રાથમિક શાળાઓમાં નિષ્પક્ષ અને ઘનિષ્ઠ તપાસ હાથ ધરવામાં આવે તો અનેક શાળાઓમાં ક્ષતિઓ સપાટી ઉપર આવી શકે તેમ છે.

દાહોદ જિલ્લાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ દયનીય છે. ગ્રામ્ય વિસ્તારોનો કોઈપણ વ્યક્તિ શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી સરકાર દ્વારા અનેક પ્રકારની શૈક્ષણિક સુધારણા માટેની યોજનાઓ કાર્યરત છે.છતાં ગામડાઓમાં શિક્ષણની સ્થિતિ કંગાળ હોવાનું જોવા મળે છે. પ્રાથમિક શિક્ષણ પૂરૂ કરનાર વિદ્યાર્થીને સો એકડી–કક્કો લખવા–બોલવાના સાસાં પડતા હોય છે. જ્યારે ગુજરાતી લખવા–વાંચવાની વાત અસ્થાને છે.જિલ્લામાં હાલ જે સરકારી પ્રાથમિક શિક્ષણની સ્થિતિ છે તેમાં કોઈ ફેરફાર નહીં થાય તો આવનાર સમયમાં ગ્રામ્ય વિસ્તારના કહેવાતા શિક્ષિત માણસ માટે નોકરી એક સ્વપન બની રહેશે તેમાં કોઈ બે મત નથી.

ગ્રામ્ય વિસ્તારના મોટાભાગના બાળકોએ સરકારી પ્રાથમિક શાળાનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ પણ ગુજરાતી ભાષાનું પૂરેપૂરૂ જ્ઞાન મળી રહેતું નથી. છતાં આ બાળકો તેજ શાળામાં સાતમા ધોરણ સુધી શિક્ષકોની બાળકો પ્રત્યેની બેદરકારી છતી ન થાય તે હેતુથી વિના વિઘ્ને પાસ કરી દેવામાં આવતા હોય છે.જ્યાં કોઈ રોકટોક કરનાર કે પૂછનાર નથી તેવા વિસ્તારોમાં શિક્ષકો પોતાની મનમાની રીતે પોતાની ફરજ અદા કરતા હોવાનું પણ જોવા મળે છે.અને જ્યારે આ બાળકો પ્રાથમિક શિક્ષણ પૂરૂ કર્યા બાદ માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવે છે ત્યારે તેને જાણે અજાણ્યા સ્થળે ભૂલા પડયાનો અહેસાસ થાય છે.માધ્યમિક શિક્ષણ એ કક્કો બારાક્ષરી શીખવાનું સ્થળ નથી. તેમ છતાં માધ્યમિક શિક્ષણમાં પણ ધોરણ આઠ નવમાં આસાનીથી પાસ થઈ જતા હોય છે. પરંતુ બોર્ડની પરીક્ષા આવતા મોટાભાગના વિદ્યાર્થીઓ નાપાસ થઈ રહ્યા છે. અને તેના માટે પ્રથમ દ્રષ્ટિએ કસુરવાર અને જવાબદાર હોય તો તે પ્રાથમિક શિક્ષણ છે.

ગુજરાતી વ્યક્તિને પ્રથમ પોતાની માતૃ ભાષાનું સંપૂર્ણ જ્ઞાન હોવું અતિ આવશ્યક છે. પરંતુ એક પછી એક ચાલુ થઈ રહેલી ખાનગી પ્રાથમિક શાળાઓ એકબીજાની રેસમાં આગળ વધી જવાની લહા્યથી બાળકો માટે ગુજરાતી ભાષા ગૌણ બનાવી દેવાય તે યોગ્ય નથી.એકંદરે જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓમાં આપવામાં આવતા શિક્ષણથી બાળકોના વિકાસની સાથે–સાથે વાલી વર્ગ પણ સંતુષ્ટ હોય તેમાં શંકા નથી.પરંતુ આપવામાં આવતા શિક્ષણમાં વ્યક્તિગત હોશિયારી સિવાય વધુ નહીં હોવાનું જણાય છે.સરકાર દ્વારા શિક્ષણ સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.પરંતુ આ નાણાનો પૂરેપૂરો સદ્‌ઉપયોગ થતો નથી.અને શિક્ષણના નામે વેપલો થતો હોય ત્યાં ૨૧મી સદીમાં કોમ્પ્યુટર યુગ સાથે કદમ મિલાવવાની વાત કેટલા અંશે વ્યાજબી છે?

દાહોદ જિલ્લાની સરકારી પ્રાથમિક,માધ્યમિક શાળાઓ તથા કોલેજો સહિત ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાં આપવામાં આવતા શિક્ષણથી ગાંધીજી, બાબાસાહેબ આંબેડકર, વીર ભગતસિંહ જેવા સપૂતો પેદા કરવાની ક્ષમતા મરી પરવારી હોય તેવું જણાય છે.ત્યારે ખાસ કરીને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી પ્રાથમિક શાળાઓ દ્વારા આપવામાં આવતા શિક્ષણની જિલ્લા અથવા રાજ્ય સ્તરેથી તટસ્થ તપાસ હાથ ધરી શિક્ષણનું સ્તર સુધારવા તથા શિક્ષણ સુધારણા માટે વર્ષો વર્ષ લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને આ નાણાનો પૂરેપૂરો સદ્‌ઉપયોગ કરવામાં આવે છે કેમ?તે પણ એક તપાસનો વિષય છે.

# PM આવાસના ગ્રાન્ટની ગેરકાયદે લ્હાણી, ભાંડો ફૂટતાં રિકવરીની માથાકૂટ

દાહોદ,

દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં જ કૌભાંડ છે એવું નથી, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પૈકી આવાસ યોજનામાં પણ મહા ભ્રષ્ટાચાર થયાનું સામે આવ્યું છે. પીએમ આવાસ યોજનામાં ભ્રષ્ટાચારી ટોળકીએ જાણે લ્હાણી કરી હોય તેમ ગેરકાયદેસર એકાઉન્ટમાં ગ્રાન્ટ આપી દીધી છે. કોઈની રજૂઆત હોય કે કચેરીઓમાં અંદરોઅંદર ભાંડો ફૂટી જતાં હવે રિકવરી કરવા દોડધામ મચી છે. એક નહિ પરંતુ અનેક બેંક ખાતાઓમાં આવાસના હપ્તાઓ ચૂકવાઈ ગયા હોઈ મામલો ગંભીર બન્યો છે. આ તરફ તાલુકા દ્વારા નોટીસ ઉપર નોટીસ ફટકારવામાં આવી છતાં ખોટા લાભાર્થીઓ રકમ જમા નથી કરાવતાં તો કાર્યવાહી પણ થતી નથી. એકબીજાની મિલીભગતથી અથવા ઈરાદાપૂર્વક ખોટાં લાભાર્થીઓને સહાય ચૂકવી દેવામાં આવી હોવાની ચોકાવનારી ભ્રષ્ટ ઘટનાથી ગ્રામ વિકાસ આલમમાં ખળભળાટ મચી ગયો છે. દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની અમલવારી શું પારદર્શક છે ? ના હો, અનેક ગેરકાયદેસર લાભાર્થીઓને ખોટી રીતે આવાસ યોજનાના હપ્તાઓ ચૂકવી દેવામાં આવ્યા છે. સાગડાપાડા સહિત અનેક ગામોમાં લાભાર્થી ના હોય તેવા ઈસમોના બેંક ખાતામાં ગેરકાયદેસર રીતે આવાસ યોજનાના સહાયના રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આટલુ જ નહિ, સાચા લાભાર્થીને બદલે ખોટાં લાભાર્થીઓના બેંક ખાતામાં રકમ જમા થઈ ગઈ અને આ રકમ ખોટા લાભાર્થીઓએ ઉપાડીને વાપરી પણ દીધી છે. અનેક ખોટાં બેંક એકાઉન્ટમાં સહાય જમા થઈ અને સાચા લાભાર્થી રહી જતાં મામલો તાલુકા અને જિલ્લામાં પહોંચ્યો હતો. જેની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે, ખોટી જગ્યાએ સહાય ચૂકવાઈ હોઈ પરત કરો, પરંતુ ખોટા લાભાર્થીઓ સહાય પરત કરતાં નથી. આમ છતાં ફતેપુરા તાલુકા, ગ્રામ વિકાસ એજન્સી અને જિલ્લા પંચાયત કોણે અને કેમ ભ્રષ્ટાચાર કર્યો તે શોધી શક્યા નથી. આટલુ જ નહિ, ભ્રષ્ટાચારીઓ શોધવાનું તો દૂર પરંતુ ખોટાં દાવાઓ ઉભા કરનાર, ખોટા કાગળો મંજૂર કરનાર અને ખોટી સહાય મેળવનાર વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહી પણ કરી શક્યા નથી. સૂત્રોએ જણાવ્યું હતું કે, ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગ્રામ પંચાયતના ૨ કેસો સામે આવ્યા છે પરંતુ જો ધોરણસરની તટસ્થ તપાસ થાય તો અનેક ગ્રામ પંચાયતોમાં પીએમ આવાસ યોજનામાં મહા કૌભાંડ થયાનું સામે આવી શકે છે. આ સમગ્ર કૌભાંડ કોઈ એક કર્મચારીએ નહિ પરંતુ સંગઠિત ટોળકીએ કર્યુ તેમજ સહાય મેળવનારની પણ સાંઠગાંઠ છતાં ફતેપુરા તાલુકા પંચાયત અને ગ્રામ વિકાસ એજન્સી કસૂરવારો શોધી શકી નથી. સમગ્ર મામલો જોતાં કાયદેસરની પોલીસ ફરિયાદ થઈ શકે તેવો હોવાનું રેકર્ડ આધારિત છતાં કોઈ કાર્યવાહી નથી એ બાબત જ અનેક ગંભીર સવાલો ઉભા કરે છે. આનાથી પણ વધારે ગંભીર એ છે કે, ખોટી સહાય ચૂકવાઈ ગયા બાદ નોટીસ આપી સહાય પરત કરવાની તંત્રએ માંગણી કરી છતાં ખોટી સહાય મેળવનાર બેંક ખાતાધારકો રકમ પરત કરતાં નથી તો આવું કેવી રીતે શકય બને ? એ પણ ચોંકાવનારો સવાલ છે.

## પાલિકાના બાબુઓએ પાણી ન બતાવ્યુ?

# દાહોદના ગોવિંદનગરમાંથી પાણીની ટાંકી હટાવતાં ગરીબોને વલખાં, સરકારી બાબુઓએ પ્રજાભિમુખ વહીવટનો દાખલો આપ્યો

દાહોદ,

દાહોદમાં દબાણ હટાવ ઝુંબેશમાં પાલિકા હસ્તકની દુકાનો તો તોડી પડાઈ છે પરંતુ ગોવિંદ નગર ચોકમાં વર્ષો પહેલા મુકાયેલી સ્લમ વિસ્તારની જીવાદોરી પાણીની ટાંકીને તોડી પડાતાં આસપાસના ૨૦૦ ગરીબ પરિવારોને ભર ઉનાળે પાણી માટે ભટકવાનો વારો આવતાં રોષ ફેલાયો છે. સ્માર્ટ રોડ બનશે ત્યારે બનશે પરંતુ કોઈને નડતર રૂપ ન હોય તેવી પાણીની ટાંકી ભરઉનાળે તોડી પાડી સરકારી બાબુઓના પ્રજાભિમુખ વહીવટનો નમૂનો જોવા મળ્યો છે.

દાહોદ શહેરમાં ભીલવાડા, હાઉસિંગ બોર્ડ તેમજ આસપાસના વેપારીઓને પાણીની સમસ્યા પડતાં તેમની માટે ગોવિંદ નગર ચોકમાં પાલિકા દ્વારા બોર કરાવીને એક મોટી ટાંકી મુકવામાં આવી હતી. પાલિકા દ્વારા જ વીજળીની વ્યવસ્થા પુરી પાડવામાં આવતી હતી. આ પાણીની ટાંકીને કારણે આસપાસના ગરીબ લોકોને પાણીની રાહત તો હતી સાથે નજીકમાં બનાવેલી કુંડીને કારણે પશુઓની પણ તરસ બુઝાતી હતી.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશમાં માણેક ચોકના ઢાળથી માંડીને મંડાવ રોડ સુધી શાળા, સરકારી કચેરીઓ, બગીચા, જિલ્લા વિકાસ અધિકારીના નિવાસ્થાનને ઢાંકતી દિવાલો દૂર કરી દેવાઈ છે. ત્યારે આગળ વધી ગોવિંદ નગર ચોકમાં મુકેલી આ ટાંકી પણ દૂર કરવાનો આદેશ કરી દેવાયો હતો. જેથી ટાંકી સહિસલામત કાઢી લેવાઈ હતી.

ત્યારે દાહોદ શહેરમાં ચાર દિવસે એક વખત પાણી આવે છે. તેવા સમયે ભીલવાડા વિસ્તારમાં રહેતા અને મજૂરી કરતા ૧૬૦ જેટલા પરિવારો પાણી વિના વલખાં મારી રહ્યા છે. સાથે હાઉસિંગ સોસાયટી અને આસપાસના વેપારીઓને પણ ટાંકી ઉપયોગી હતી. ખાસ કરીને સ્લમ વિસ્તારમાં મહત્તમ લોકોને ત્યાં પાણી સ્ટોરેજની કોઈ સુવિધા નથી ત્યારે આ ટાંકી તોડી પડતાં લોકોને પાણી માટે હવે રઝળવુ પડે છે.

દાહોદમાં દબાણ હટાવ ઝુંબેશમાં ઘણે ઠેકાણે ‘‘પાપડી ભેગી ઈયળ પણ બફાઈ ગઈ’’ હોવાનું ચર્ચાય છે. પાણીની ટાંકીની ઉપયોગિતા કમ સે કમ પાલિકાના સંલગ્ન અધિકારીઓએ તો જણાવવી જ જોઈએ તેમ છતાં એવા અધિકારીઓની હાજરીમાં જ મહત્તા જાણ્યા વગર અને વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વગર તે દૂર કરી દેવાતાં લોકોમાં રોષ ફેલાઈ ગયો છે. ટાંકી દૂર થતાં સમસ્યા વેઠી રહેલાં લોકો હવે વૈકલ્પિક વ્યવસ્થાની માગ કરી રહ્યા છે.

આ વિસ્તારના નગર સેવકો શ્રધ્ધા ભડંગ અને લલિત પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે હાલ ટાંકી ક્યાય નડતર રૂપ હતી નહી. જ્યારે કામગીરી થાય ત્યારે હટાવવી જોઈતી હતી. હાલ ગરમીમા વિસ્તારના ગરીબો અને અન્ય લોકો ટાંકી ન હોવાથી પાણી માટે વલખાં મારી રહ્યા છે અને વૈકલ્પિક વ્યવસ્થાની માગ કરી રહ્યા છે ત્યારે સૌથી સુવિધા જનક આ જ જગ્યા હતી. કયા તર્ક થી ઉનાળામાં આ ટાંકી હટાવાઈ તે સમજાતુ નથી.

# ONGC અમદાવાદ એસેટ અને ઓલ ઈન્ડિયા SC, ST એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા નોટ બુકોનું વિતરણ કરાયું


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ઓ.એન.જી.સી અમદાવાદ એસેટ અને ઓલ ઈન્ડિયા એસ.સી., એસ.ટી. એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસિએશન દ્વારા એસ.સી,એસ.ટી. કમ્પોનન્ટ ૨૦૨૨–૨૩ અંતર્ગત દાહોદ, પંચમહાલ તથા મહીસાગર જિલ્લાની ૬૩ સ્કૂલોમાં ૨૭૪૦૩ નોટબુકો તેમજ બેરોજગારોને ૧૦ ઈલેક્ટ્રિકલ કીટ,૧ પ્લમ્બર કીટ,૧ મેકેનિકલ કીટ તેમજ ૨ વિધવા બહેનોને સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઓ.એન.જી.સી. અમદાવાદ એસેટના એસેટ મેનેજર નમિત શર્મા તેમજ ઈન્ચાર્જ એચ.આર/ઈ.આર પ્રાંજલ દ્વારા અને ઓલ ઈન્ડિયા એસ.સી/એસ.ટી એમ્પ્લોઈઝ વેલ્ફેર એસોસિએશનના ચેરમેન જે.જે. પરમાર તેમજ મંત્રી વી.બી. મનિયાના માર્ગદર્શન હેઠળ દાહોદ, પંચમહાલ અને મહિસાગર જિલ્લાની ૬૩ સ્કૂલોમાં દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કાળીયા ગામના વતની અને હાલ અમદાવાદ ઓ.એન.જી.સી.માં ડેપ્યુટી જનરલ મેનેજર તેમજ સંગઠનના ચેરમેન તરીકે કામ કરતા વીરસિંહ ભાઈ વાલાભાઈ મછાર અને તેમની ટીમ દિનેશભાઈ બારીયા, ભુરાભાઈ સોલંકી તેમજ અતુલભાઈ રાણાના હસ્તે ૨૭૪૦૩ નોટ બુકોનું વિતરણ એસ.સી/એસ.ટી કમ્પોનન્ટ–૨૦૨૨–૨૩ અંતર્ગત કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

તદ્‌ઉપરાંત આ વિસ્તારમાં ગરીબ બેરોજગારો કે જેઓ આઈ.ટી.આઈ.નો અભ્યાસ મેળવેલ હોય તેવા ૧૦ બેરોજગારોને ઈલેક્ટ્રીક કીટ આપવામાં આવી હતી. તેમજ એક પ્લમ્બર કીટ, એક મેકેનિકલ કીટ તેમજ બે વિધવા બહેનોને કે જેઓ પોતાના પરિવારનું ભરણપોષણ કરી શકે તે હેતુથી સિલાઈ મશીનોનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.આમ ઓ.એન.જી.સી અમદાવાદ એસેટ અને ઓલ ઈન્ડિયા એસ.સી/એસ.ટી એમ્પ્લોયઝ વેલફેર એસોસિએશન દ્વારા કુલ રૂપિયા ૭,૫૦,૦૦૦ ની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

# દાહોદના દબાણો દુર થયા બાદ વેપારીઓની આર્થિક સ્થિતિને જોતા ધી સહયોગ કો.ઓ. સોસાયટીએ સભાસદોને લોન ભરવામાં છ માસ સુધી મુક્તિનો નિર્ણય

દાહોદ,

દાહોદ શહેરમાં સ્માર્ટ સિટી અંતર્ગત સ્માર્ટ રોડમાં અવરોધ રૂપ દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે તે અંતર્ગત શહેરના ૫૦૦ થી વધુ દુકાનદારો ની દુકાનો જમીનદોસ્ત કરી દેવામાં આવી છે. આ દુકાનોથી પોતાનું જીવન નિર્વાહ કરતા વેપારીઓ તેમજ તેમના ત્યાં કામ કરતા કામદારોના પરિવારો પર આર્થિક રીતે તકલીફ ઊભી થયેલ છે તેવા સંજોગોમાં વેપારીઓએ જુદી જુદી બેંકો તથા સોસાયટીઓમાંથી વિવિધ પ્રકારની લોનો ચાલી રહી છે તેવા સમયે દાહોદની ધી સહયોગ કો ઓ ક્રેડિટ સોસાયટી દાહોદની મેનેજિંગ કમિટીની તાજેતરમાં મળેલ મિટિંગમાં જે સભાસદો ના અવરોધરૂપ દબાણ દૂર કરવામાં આવ્યા છે અને જેવો અસરગ્રસ્ત થયા છે તેવા તમામ સભાસદોને આગામી છ માસ માટે લોનના હપ્તામાંથી મુક્તિ આપવાનું નિર્ણય મેનેજીંગ કમિટીએ નિર્ણય લીધેલ છે.

# દાહોદના કાળીતળાઈ ગામે છોકરાને ટક્કર મારવા બાબતે ચાર ઈસમોએ માર મારતા ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના કાળીતળાઈ ગામે છોકરાને ટક્કર મારવા બાબતે થયેલ ઝઘડા તકરારમાં ચાર જેટલા ઈસમોએ ભેગા મળી એકને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૨૩મી મેના રોજ દાહોદ તાલુકાના ખરોડ ગામે વિકા ફળિયામાં રહેતાં લક્ષ્મણભાઈ ટીટાભાઈ ડામોર, સુભાષભાઈ ટીટાભાઈ ડામોર, કરણભાઈ રમેશભાઈ બારીયા અને દેવસિંગભાઈ ચુનિયાભાઈ બારીનાઓએ પોતાના ગામમાં રહેતાં મનિષભાઈને કાળીતળાઈ ગામે રસ્તામાં રોકી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, ખરોડ વિકા ફળિયામાં અમારા છોકરાને ટક્કરમાની કેમ ભાગી ગયેલ છે, તેમ કહી ઉપરોક્ત ચારેય જણાએ એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને મનિષભાઈને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માનાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ખરોડ ગામે વાણીયા વાવ ફળિયામાં રહેતાં રમસુભાઈ માનસીંગભાઈ અમલીયારે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કઠોળ દાળના વેપારીઓ સાથે જિલ્લા પુરવઠા અધિકારની બેઠક યોજાઈ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના કઠોળના વેપારીઓ, દાળ મિલ માલિકો, સ્ટોકીસ્ટોની દાળના જથ્થા બાબતે જિલ્લા પુરવઠા અધિકારીની ઉપસ્થિતિમાં ગત તા. ૨૫ ગુરૂવારના રોજ બેઠક યોજાઈ હતી.

નિયામક અન્ન નાગરિક પુરવઠા કચેરી ગાંધીનગરથી જણાવ્યા મુજબ વેપારીઓ સાથે નિયમિત જથ્થા બાબતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. કઠોળના સ્ટોક બાબતે દાહોદ જિલ્લામાંથી કુલ ૩૬ વેપારીઓએ પોતાનો સ્ટોક જાહેર કર્યો છે. અમુક વેપારીઓએ શૂન્ય સ્ટોક જાહેર કર્યો છે. તે બાબતે તેઓને સ્ટોક જાહેર કરવા તાકીદ કરવામાં આવી હતી.

બેઠકમાં વેપારીઓને સૂચિત કરાયા હતા કે એફએસએસએઆઈમાં નોંધાયેલ વેપારી, એપીએમસીમાં નોંધાયેલા વેપારીઓ, વેરહાઉસ માલિકી ભાડે ધરાવતી એજન્સી, જીએસટી નોંધણી ચકાસણી કરાવી પોર્ટ ખાતે નોંધાતા જથ્થા વગેરે મુજબ સ્ટોક જાહેર કરવાનો રહેશે. તમામ વેપારીઓનું વેચાણ નિયત રીતે થાય તેમ જ તમામ વેપારીઓ જીએસટી રજીસ્ટર ફરજીયાત હોવું જોઈએ તે બાબતે તાકીદ કરાઈ હતી. તેમજ દર શુક્રવારે કઠોળનો સ્ટોક નિયત પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.

જિલ્લા પુરવઠા અધિારી એમ.એમ. વસાવા એ જણાવ્યું કે, જો કોઈ વેપારીએ પોતાનો સ્ટોક જાહેર નહીં કર્યો હોય તો નિયત કાર્યવાહી કરવામાં આવશે. તેમજ સ્ટોક સીઝ કરવાની ફરજ પડશે. આ સ્ટોકની મામલતદાર તેમજ પુરવઠા ઈન્સ્પેક્ટર દ્વારા નિયત તપાસ કરાશે ક્રોસ વેરિફિકેશન માટે ટીમોને નિયુક્ત કરી કાર્યવાહી માટે જણાવ્યું છે.

# સીંગવડના માસી તોયણી ગામેથી સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના માસી તોયણી ગામેથી એક યુવકે એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં સગીરાનું અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે. ગત તા.૨૨મી મેના રોજ સીંગવડ તાલુકાના જામદરા ગામે રહેતો ચીરાગભાઈ ગોપસીંગભાઈ પટેલે સીંગવડ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પટાવી, ફોસલાવી લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.236

# શહેરાના ગમન બારીયાના મુવાડા ગામે પીવાના પાણીની સમસ્યાથી ગ્રામજનો પરેશાન





તસ્વીર : તુષાર દરજી, શહેરા

- ગ્રામજનો હેન્ડપંપના સહારે.
- પાણી પુરવઠાની અનેક યોજનાઓ છતાં પાણી નહિ મળતા તંત્ર સામે આક્રોશ.

શહેરા,

શહેરા તાલુકાના ગમન બારીયા ના મુવાડા ગામ ખાતે ગઢવી ફળિયા સહિતના અન્ય વિસ્તારના ગ્રામજનો પીવાના પાણીની સમસ્યાથી હેરાન પરેશાન થવા સાથે હેન્ડ પંપ ના સહારે હાલ પાણી મેળવી રહ્યા છે. પાણી પુરવઠાની અનેક યોજના હોવા છતાં આ ગામના ગ્રામજનોને હાલમાં જરૂરિયાત મુજબ પાણી નહિ મળતા તંત્ર સામે આક્રોશ જોવા મળવા સાથે ખેડૂતો અને પશુપાલકો પણ હાલ ચિંતિત થઈ ઉઠ્યા હતા.

શહેરા લુણાવાડા હાઈવે માર્ગ ઉપર આવેલ ગમન બારીયાના મુવાડા ગામની વસ્તી અંદાજિત ૩૦૦૦ ની આસપાસ છે. પશુપાલન અને ખેતી પર નભતુ આ ગામ હોવા સાથે અહીં ખેતી માટે અને પીવાના પાણીની તકલીફ હોવાથી સ્થાનિક ગ્રામજનો હેરાન પરેશાન છે આ ગામમાં આવેલ ગઢવી ફળિયા, બારીઆ ફળીયુ, વણકર ફળિયુ તેમજ હરીજન ફળિયુ અને ખાંટ ફળિયા સહિત અન્ય વિસ્તારોમાં પણ હાલની પરિસ્થિતિમાં પીવાના પાણીની સમસ્યાથી ગ્રામજનો હેડ પંપ અને કુવાના સહારે જરૂરિયાત મુજબનું પાણી મેળવી રહ્યા છે. આ ગામમાં પાણી પુરવઠાને લગતી અનેક યોજનાઓ હોવા છતાં ગ્રામજનોને પાણીની યોજનાઓનો જે લાભ મળવો જોઈએ તે નહિ મળતો હોવા સાથે પીવાના પાણી ભરવા માટે પણ હેન્ડ પંપ ખાતે જવુ પડતુ હોવાનુ ગામની મહિલા સીતાબેન ગઢવી, દેવલબેન, રાજીબેન, કમળાબેન વણકર સહિત અન્ય મહિલાઓ જણાવી રહ્યા હતા. ગામમા કૂવા ના સ્તર પણ ઊંડા જતા અમુક કૂવા પાણી વગર ખાલી ખમ જોવા મળી રહ્યા છે. સાથે તળાવમાં પણ પાણી ઓછું હોવાથી પશુપાલકો પશુઓને પાણી પીવડાવવા માટે આમતેમ ભટકી ને કે પછી હેડ પંપ ખાતે પાણી પીવડાવી રહયા છે. ગમન બારીયા મુવાડા ગામના ગ્રામજનો હેડ પંપ ખાતે પાણી ભરવા જતા હોય પણ શરૂઆતમાં પાણી આવ્યા બાદ અમુક હેડ પંપમાં થોડીવાર બાદ પાણી બંધ થઈ જતું હોય છે જ્યારે અમુક હેડ પંપ બગડી ગયેલ હોવાથી તે હેડ પંપ આ ગામના ગ્રામજનો માટે શોભાના ગાંઠિયા સમાન બની જવા પામ્યા હતા.આ ગામના ગ્રામજનોને પાણી સમસ્યા માંથી છુટકારો મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા અહીં પાણીને લગતી યોજના માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવ્યા બાદ પણ ગ્રામજનોને પાણી માટે તકલીફ પડતી હોય ત્યારે સબંધિત તંત્રના સરકારી બાબૂઓની બેદરકારી ના કારણે કે પછી આ તરફ ધ્યાન ના આપવાથી યોજના જોઈએ તેટલી સાર્થક થઇ શકતી નથી.

> અમારા ગઢવી ફળિયામાં પાણીની બહુ જ તકલીફ છે. હેન્ડ પંપ થી પાણી ભરી લાવીએ છીએ અને તે જ પાણી અમે પીતા હોઈએ છીએ જ્યારે પશુઓને પાણી પીવડાવવા માટે પણ હેડ પંપ પર જતા હોઈએ છીએ.
> : સીતાબેન ગઢવી :

> અમારા ગામમાં પાણીની બહુ સમસ્યા છે અને પાણીના કારણે અમે બહુ તકલીફ પડે છે. અમારે ચકલી પણ નથી. પશુઓને પણ પાણી શું પીવડાવીએ અમે જાતે જ દૂરથી પાણી ભરી લાવીએ અને પીએ છીએ જો પાણી ની તકલીફ દૂર થાય નહીં તો કલેક્ટર સાહેબને અમે બધી મહિલાઓ રજૂઆત કરવા જઈશુ.
> : દેવલબેન :

> સંભાલી ગ્રામ પંચાયતમાંથી વિભાજન થયેલ ગમન બારીયા ના મુવાડા ગામમાં ઉનાળાની શરૂઆતથી પાણીની સમસ્યા હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા હતા. પાનમ જળાશયની પાનમની પીવાના પાણીની લાઈન માંથી જે તે સમય પાણી મળતું હતું પરંતુ આ પાનમના પીવાના પાણીની લાઈન અહીં બંધ કરી દેવામાં આવતા આ ગામના ઘણા બધા વિસ્તારમાં અત્યારે પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે, કૂવા અને હેન્ડ પંપ ના પાણી ના સ્તર હાલની પરિસ્થિતિમાં ઊંડા જઈ રહયા હોવાથી પાણી ની સમસ્યા આગામી દિવસોમાં વિકટ બનતી જાય તો નવાઈ નહી.

## લુણાવાડા માર્ગ અને મકાન સ્ટેટના નિવૃત્ત છ જેટલા પેન્શન વિહોણા રોજમદારો પેન્શન યોજના અને તફાવત ચુકવવા હાઈકોર્ટનો આદેશ

ગોધરા,

ગુજરાત હાઈકોર્ટ દ્વારા કાર્યપાલક અને નાયબ કાર્યપાલક મકાન અને માર્ગ પેટા વિભાગ સ્ટેટ લુણાવાડા ના દસ વર્ષ કરતા વધુ સમય થી નિવૃત થયેલ છ જેટલા પેન્શન વિહોણા ગરીબ રોજમદારોને પેન્શન યોજના નો લાભ તથા નિવૃત્તિ ની તારીખથી બાકી નીકળતા તફાવતની રકમ ચુકવી આપવા આપવા આખરી આદેશ.

પંચમહાલ જિલ્લા તરીકે જે તે સમયે ઓળખાતા માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ ના નાયબ કાર્યપાલક ઈજનેર અને કાર્યપાલક ઈજનેર ગોધરા નું જિલ્લા વિભાજન થતા હાલ ની સંસ્થા મહીસાગર જિલ્લામાં મુકામે આવેલ છે અને તે કાર્યપાલક તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન સ્ટેટ લુણાવાડાના નામથીઓળખાય છે અને તે સંસ્થામાં તારીખ ૬/૯/૭૮ થી રોજમદાર તરીકે ફરજ બજાવતા ભગવાનભાઈ કોયાભાઈ માલીવાડ નિવૃત્તિ તારીખ ૩૧/૮/૦૮ તથા તારીખ ૨૧/૧/ ૭૭થી રોજમદાર મજૂર તરીકે ફરજ બજાવતા શનાભાઇ કાળુભાઈ નિવૃત્તિની તારીખ ૩૦/૬/૦૮ તારીખ ૨૧/૧૦/૮૦ થી ફરજ બજાવતા ભુરાભાઈ સોમાભાઈ માલીવાડ જેઓનીની નિવૃત્તિ તારીખ ૩૦/૬/૧૩ તારીખ ૨૧/૯/૭૭ થી ફરજ બજાવતા સ્વર્ગસ્થ દેવાભાઈ કાળુભાઈ ચોકીયાત નિવૃત્તિની તારીખ ૩૦/ ૬/૦૬ તારીખ ૨૧/૬/૭૬ થી ફરજ બજાવતા સ્વર્ગસ્થ ઉદાભાઈ સરતન ભાઈ માલીવાડ નિવૃત્તિનીતારી૩૧/૧૦/૧૦ તેમજ તારીખ ૨૧/૯/૭૭ થી ફરજ બજાવતા લક્ષ્મણભાઈ મસુરભાઈ પટેલિયા નિવૃત્તિની તારીખ ૩૧/૫/૦૯ વિગેરે જણાવેલ તારીખથી નિવૃત કરવામાં આવે પરંતુ નિવૃત્તિ સમયે સરકાર શ્રી દ્વારા નિયત કરેલ પેન્શન યોજના નો કોઈ લાભ આપવામાં આવેલ ન હતો તે બાબતે નિવૃત ગરીબ અને આદિવાસી વિસ્તારના રોજમદારો ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખએ એસ. ભોઈ ને રૂબરૂ મળી તેમને થયેલ અન્યાય બાબતે હૈયા વરાળ ઠાલવેલ જે બાબતે ફેડરેશન દ્વારા સરકાર ના નિયત કરેલ અધિકારીઓ પાસેથી જરૂરી દસ્તાવેજો જે તેમના કબજા હેઠળ હોય દસ્તાવેજો મેળવવા આરટીઆઈ૨૦૦૫ ની થયેલ જોગવાઈ મુજબ છ રોજમદારોને પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે જરૂરી દસ્તાવેજોની માંગણી કરી ફેડરેશન મારફતે આ વિવાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ દીપકભાઈ આર દવે દ્વારા એસસી એ નંબ૧૧૭૦૭/ ૨૨ થી દાખલ કરેલ વિવાદ ચાલી જતા અદાલતે પક્ષકારોના એડવોકેટોની દલીલો સાંભળી અરજદારોએ માંગેલી દાદ તારીખ ૧/૯/૨૨ ના રોજ મંજુર કરી રોજમદારોને નિવૃત્તિની તારીખથી પેન્શન યોજના નો લાભ આપવો તથા નિવૃત્તિની તારીખથી એમને મળવાપાત્ર પેન્શન તથા પેન્શન તફાવત ની રકમ હયાત ત્રણ કામદારો તથા ગુજરનાર ના ત્રણ વારસસો પૈકી રમેશ ડી ચોકિયાત વારસપતની જીવીબેન યુ માલીવાડ તેમજ નરેશભાઈ એલ પટેલીયા ને ચૂકવી આપવા આદેશ ફરમાવે પરંતુ સરકાર શ્રી તરફથી તે હુકમનું પાલન કરવામાં નિષ્ફળ જતા હુકમના અનાદર બદલ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એમ સી એ નંબર૧૪૯૩/૨૨ કરવામાં આવેલ એ બાબતે સરકારને ગુજરાત હાઈકોર્ટ દ્વારા નોટિસ ઈસ્યુ કરવામાં આવતા તાત્કાલિક અસરથી આ છ રોજમદારોને એમને નિવૃત્તિના તમામ લાભો જેવા કે ગ્રેજ્યુટી ૩૦૦ રજા રોજમદાર તરીકેની નોકરીની દાખલ તારીખથી નોકરીની સળંગતા મુજબ નિવૃત્તિની તારીખથી મળવાપાત્ર પેન્શન તફાવત ની રકમ વગેરે ચૂકવવાની કાર્યવાહી હાથ ધરાવતા મકાન અને માર્ગ સ્ટેટ વિભાગના કામદાર આલમમાં અને નિવૃત્ત કામદારોના પરિવારમાં આનંદની લહેર છવાઈ છે.

## ગોધરા મહાલક્ષ્મી મંદિરની જમીનમાં બંને કોમ્પ્લેક્ષોમાં કાયદા વિરુદ્ધ દસ્તાવેજો ખોટા કુલમુખ્ત્યારનામાં કોના હુકમોથી કરેલ તેવી તપાસ અંગેની માંગ ઉઠવા પામી

ગોધરા,

ગોધરા કસ્બા શહેર સિટી સર્વે નં-૧૪/૨૮૮/૨ થી ૧૪/૨૮૮/૨૪ વાળી સોનાની લગડી અને રોડ ટચ ગોધરાના મહાલક્ષ્મી માતા કરોડો રૂપિયાની જમીનો ઉપર ખુબ જ મોટા કોમ્પ્લેક્ષો (બે) બનાવેલ છે. જે હિન્દુ સમાજના વર્ષાબેન વસંત ભગત દ્વારા કુલમુખત્યાર નામાં ઓ કરી મુસ્લિમો (૧)ઈલ્યાસ અહેમદ સિંધી, (૨)સિદ્દીક યુસુફ છુંગા, (૩)સુરૈયા તે સાદિક યુસુફ છુંગાની સધવા સુલતા તે અહેમદ સિંધીની દિકરી વર્ષાબેન વસંતકુમાર ભગત ઈલ્યાસ મોહંમદ હુસૈન ઉમરજી અનુ નં-૪ થી ૬ના કુ.મુ.તરીકે વેચાણ દસ્તાવેજ રજી. ભાગ ૧૦.૪૧૫૧ તા.૨૭/૦૮/૨૦૧૩ થી રૂ.૧,૪૦,૪૦૦ ભાડા પટ્ટાની નોંધ ૨૪૮૭ થી તા.૧૧/૦૮/૨૦૧૧ રોજ પ્રમાણિત કરેલ છે. જે કાયદા વિરુદ્ધ છે. આમ નોંધ ૨૫૧૧ વેચાણ દસ્તાવેજ ૪૩૩૯ તા.૧૨/૦૯/૨૦૦૮ થી રૂ.૧૧૨૦૦૦માં ટીકા ૧૪/૨૮૮/૨૪ની ચો.મી. ૧૮૦૫.૮૫.૦૯ની ભાડા પટ્ટા હકકની જમીન પર બાંધવામાં આવેલ મિલ્કત પૈકી ટીકા ૧૪/૨૮૮/૮/૨૮૮/બ ની જમીન પર બાંધકામ પૈકી ગ્રા.ફલોરમાં આવેલ ઓફિસો પૈકી ઓફિસ નં ૪ ચો.મી.૮૬.૫૧ ના માપની બાંધકામની મિલ્કત તથા ઓફિસ નં ૫-ની ચો.મી.૮૬.૫૧ના માપના બાંધકામ બંને જોડે જોડે ઓફિસો એકંદરે ચો.ફુટ ૧૮૩.૦૨ના ચો.મી.૧૬.૦૦ના માપના બાંધકામની ઉપરદળ ઓફિસ તથા બિલ્ડિંગના અંગળના ભાગ હકકની જમીન વરાડે ચો.મી.૨૬૦ની જમીનના ભાડા હકકના ટ્રાસ્ફર કરવાના હુક્કો સહિત મિલ્કત વેચાણ (૧)સિદ્દીક યુસુફ છુંગા તથા ૧ થી ૩ના કુ.મુ.(૧)સુરૈયા (૨)સુલ્તા (૩)વર્ષાબેન વસંતકુમાર જે સિટી સર્વ સુપ્રિટેન્ડેન્ટ ઓફિસર ગોધરા એ અટકો જાહેર કરેલ તથા તેઓની નોંધ નં પડેલ ૨૫૧૧/તા.૩૦/૦૯/૨૦૧૩ સિટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ ઓફિસર દ્વારા (નામંજુર તા.૧૧/૦૮/૨૦૧૪ના રોજ કરેલ છે.જે રેકર્ડ સાબિત થાય છે. જે નોંધ જિલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ તથા સિટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ સ્થળ સ્થાનિક તપાસ થાય તેવી હિન્દુ સમાજની લાગણી દુભાય નહિ તેવી પંચમહાલ જિલ્લામાં માંગો ઉઠવા પામેલ છે. આ નોંધો પ્રમાણિત નામંજુર અધિકારીઓની સહીઓ નથી વધુ નં-૨૫૨૯ જોતા વેચાણ દસ્તાવેજી નં.૩૦.૩૯ તા.૦૫/૦૬/૨૦૧૩ રૂ.૫૦૦૦૦ સિટી સર્વે નં.૧૪/૨૮૮/૧/અ/વાળીમાં સ્થળ દુકાનદારના જવાબો દસ્તાવેજલ ગ્રા.ફલોર ભાનની પશ્રિમના ભાગની ઓફિસ નં-જી/૯ જી.એફ./૯ પ્રમાણિત નોંધ નં ૨૫૨૯ કરેલ છે. જે નોંધમાં વર્ષાબેન વસંતકુમાર ભગતનુ કે ઉપર દર્શાવેલ ઈસમોના કોઈ જગ્યાએ વેચાણમાં નથી જેથી આ તપાસ કરી કરાવવી ખુબ જ જરૂરી હોય તથા દરેક દુકાનદારના નિવેદનો જરૂરી હોય તે બદલ હિન્દુ સમાજ દ્વારા એસ.આઈ.ટી દ્વારા સાચી હકીકતો બહાર આવવાની હિન્દુ સમાજની મિલ્કતોમાં હિન્દુ મુસ્લિમોની શતરંજની ચાલો કોના અને કયા અધિકારીના ઈશારે થઈ રહી છે જે સત્ય હકીકતો લાવવા હિન્દુ સમાજની પોતાની મિલ્કતોની માગો ઉઠવા પામેલ છે. આ મહાલક્ષ્મી માતાની મંદિરની જમીનોમાં કાયદા તથા ગુજરાત રાજય સરકારના આદેશો અને વહીવટી તંત્રને ગેરમાર્ગે દોરનારાઓએ ભારત સરકારના કાયદા તથા ગુજરાત રાજય સરકારના આદેશો આપેલ અનુસાર પાલન નહિ કરેલ સામે તથા બાંધકામ નકશાઓ મંજુર કરનાર તથા બાંધકામો મંજુરી આપનારાઓના સામે સખત થી સખત રેકડી ગેરરિતીઓ કરી કરનાર સામે ખાતાકિય તથા ઉચાપત કરતા સામે ફોજદારી રાહે પગલા લે લેવડાવે તેવી હિન્દુ સમાજ દ્વારા ખુબ અતિગંભીર માગો પોતાની સમાજની માંગો ઉઠવા પામેલ છે. અને તેમાં અશાંતધારો કોઈપણ સંજોગોમાં ભવિષ્યમાં દુર પણ ના થાય કારણ કે મુખ્ય રેલ્વે સ્ટેશનની તમામ નાગરિકોના આવવા જવાના માંગો છે જે ગેરકાયદેસર કરેલ બાંધકામો કયા અધિકારીએ હુકમો કરેલા તેની તપાસ થવાની પણ વધુ માંગો ઉઠવા પામી છે.

## ગોધરા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા વ્યસન મુક્તિ યાત્રા યોજાઈ




ગોધરા,

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ગોધરા શાખા તથા ગોધરા નગર ની સેવાભાવિ સંસ્થાઓ દ્વારા ગાયત્રી શકિતપીઠ ગોધરા થી વ્યસન મુક્તિ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. સવારે ૯ કલાકે દાઉદી વ્હોરા સમાજના પ્રમુખ ઈમરાનભાઈ ઈલેક્ટ્રિક વાલા, શ્યામ સુંદર શર્મા, કોમર્સ કોલેજ ગોધરાના પ્રિન્સિપાલ અરૂણ સિંહ સોલંકી, એન.એસ.એસ. ના સ્વયંસેવકો નિતેશ સામતાણી અને લખન સામિયાણી, હિતેશ ભટ્ટ, પ્રકાશ દીક્ષિત, શિવનદાસ કલ વાણી દ્વારા રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું. વ્યસન મુક્તિ યાત્રા માં વ્યસનોની શબયાત્રા લોકોનું આકર્ષણ નું કેન્દ્ર બની, વ્યસન મુક્તિ યાત્રા દાઉદી વ્હોરા સમાજની બેન્ડ પણ લોકો નું આકર્ષણ કેન્દ્ર બની, વ્યસન મુક્તિ ના ગીતો ગાતા ગાતા સૂત્રો પોકારતા પોકારતા ગોધરા શહેર ના સ્લમ એરિયા જેવા કે, દંતાણી વાસ, બાવરી વાસ, વાગડીયા વાસ માંથી યાત્રા પસાર થઈ, યાત્રામાં વચ્ચે વચ્ચે ઘણા મહાનુભાવો જોડાતા ગયા અને વિશેષ ઊર્જા પ્રાપ્ત થતી રહી, ઘણા યુવાનો એ વ્યસન બંધ કરવાનું આશ્વાસન આપ્યું, યાત્રા પોતાના નિશ્ચિત રૂટ પરથી પસાર થતા શબ યાત્રા જોઈ ને જનતાને કુતૂહલ લાગ્યુ. ડો. સુજાત વલી, શ્રી નરેશ ભૈયા (આર્ટ ઓફ લિવિંગ), સમર્પણ ધ્યાન કેન્દ્ર તથા પી.કે. રાઠોડ સાહેબ વગેરેનો પણ ખુબજ સરસ સહયોગ રહ્યો.

વ્યસન મુક્તિ યાત્રા નિર્ધારિત માર્ગ પર પસાર થઈને પોતાના ગંતવ્ય સ્થાન બાવા ની મઢી પાસે બરાબર ૧૦.૩૦ કલાકે પહોચી જ્યાં અંતે વ્યસન ના રાક્ષસ ના પૂતળાં નું દહન કરવા માં આવ્યું હતું રાહદારીઓ કુતુહલતા પૂર્વક દ્રશ્ય નિહાળી રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે ડો.કેયુર ચૌહાણ, હિતેન્દ્ર પુવાર, ડો.દેવર્ષિ વરિયા, ચીમન ભાઈ પટેલ, જયદીપ પટેલ, વાસુદેવ ત્રિવેદી, બાપુ કરણસિંહ પૂવાર, પ્રકાશ દેવાણી, લવેશ કલવાની, હેતલબેન પુવારનો ખુબજ સુંદર સહયોગ રહ્યો.

## શહેરાના સંભાલી ગ્રામ પંચાયત લાઈટના ધાંધિયાને લઈ પંચાયતમાં આવતા અરજદારો અટવાયા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના સંભાલી ગ્રામ પંચાયત કચેરી ખાતે લાઈટ અવર જવર કરતા અહી આવતા અરજદારો ના કોમ્પ્યુટર ઉપર થતા કામો અટવાઈ ગયા હતા. પાનમ ફીડર લાઈનમાં છાશવારે વીજ સમસ્યા સર્જાતા વીજ ઉપભોક્તાઓ નો આક્રોશ વીજ કચેરી સામે જોવા મળી રહયો હતો.

શહેરા તાલુકાના સંભાલી સહિત આજુબાજુના ગામોના ગ્રામજનો વીજ સમસ્યાથી હેરાન પરેશાન થવા સાથે ગરમીમાં ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા જ્યારે સંભાલી ગામની ગ્રામ પંચાયત કચેરી ખાતે આ ગામ સહિત ગમન બારીયા ના મુવાડાના ગામના અંદરસિંહ બારીઆ,હંસાબેન ખાંટ સહિતનાઓ કામ અર્થે આવ્યા હતા. જોકે ગ્રામ પંચાયત કચેરી ખાતે વીજળી ગુલ થઈ જતા વિધવા સહાય ફોર્મ,આવકનો દાખલો સહિત કોમ્પ્યુટર પર થતા અન્ય કામો થતા અટકી ગયા હતા. ગ્રામ પંચાયત કચેરી ખાતે એમ.જી.વી.સી.એલ. કચેરી દ્વારા આપવામાં આવતો વીજ પુરવઠો ખોરવાતા અરજદારોને બેસી રહેવાની નોબત આવી હતી.આ ગામ સહિત અન્ય વિસ્તારમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં વીજ સમસ્યા સર્જાતા લોકો ગરમીમાં ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જોકે વીજ કચેરીમાં સમાવિષ્ટ પાનમ ફીડર વિસ્તાર લાંબો હોવા સાથે અનેક ગામો ને વીજ પુરવઠો મળતો હોય ત્યારે આ વિસ્તારના લોકોને વીજ સમસ્યા માંથી છુટકારો મળે તે માટે એમ.જી.વી.સી એલ કચેરીના ડેપ્યુટી ઈજનેર સહિતના અધિકારીઓ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને લો વોલ્ટેજ ની સમસ્યા તેમજ વીજ સમસ્યા માંથી છુટકારો મળે તે માટેની કામગીરી કરવામાં આવે તેવી આશા વીજ ઉપભોક્તાઓ રાખી રહ્યા છે.

## પંચમહાલમાં ગેસ રિફીલીંગ કરતા ત્રણ ઈસમોને ૬૬ ગેસના બોટલ મળી ૧.૩૯ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી SOG



ગોધરા,

પંચમહાલ જિલ્લાના બે અલગ અલગ સ્થળોએ એસ.ઓ.જી.પોલીસે ત્રણ ગેરકાયદેસર ગેસ રિફીલીંગ સ્થળોએ રેઈડ કરી હતી રેઈડ દરમિયાન ૬૬ ગેસના બોટલો, વજન કાંટા, ઈલેકટ્રીક મોટર સહિત કુલ ૧,૩૯,૦૦૦/- રૂ.ના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ એસ.ઓ.જી.પોલીસ જિલ્લામાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફીલીંગ કરતા ઈસમોને શોધી કાઢી કાર્યવાહી કરવાના સુચનોના આધારે પોલીસને મળેલ બાતમીના આધારે ગોધરા બહારપુરા સિવિલ હોસ્પિટલ પાસે ભાવિન કિશોરભાઈ નાથાણી(કાલોલ બસ સ્ટેન્ડ રોડ), સમીર સલીમભાઈ મન્સુર(હાલોલ જયશ્રી કોલોની), અજીતકુમાર વીરબહાદુર કુશવાહના સ્થળો ઉપર રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ગેસના બોટલ નં-૬૬, ગેસ રિફીલીંગ પાઈપ નં-૪, વજન કાંટા નંગ-૫, ઈલેકટ્રીક મોટર-૧ મળી કુલ ૧,૩૯,૫૦૦/-રૂ.ના મુદ્દામાલ સાથે ત્રણેય ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા.

## ગોધરા કાલુશા કબ્રસ્તાનની કોટ પાછળ જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી ૭ ઈસમોને ઝડપ્યા

ગોધરા,

ગોધરા કાલુશા કબ્રસ્તાન કોટની દિવાલને અડીને નદીથી ઘસમાં જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી ૭ ઈસમોને ૧૫,૨૯૦/-રૂ.ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરની કાલુશા કબ્રસ્તાન કોટની દિવાલને અડીને નદીની ઘસ ઉપર કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે બી-ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રહીમ હકીમ શેખ, રફીક યુસુફ મલેક, આસીફ અબ્દુલ હમીદ શેખ, વસીમ હબીબ રહેમાન શેખ, ઉસ્માન ચાંદભાઈ ધોબી, હિતેશ શાંતિલાલ પંચાલ, મજીદ અબ્દુલ હકીમ શેખને ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી કરી દાવ ઉપર મુકેલ રૂ.૧૫,૨૯૦/-રૂ.ના મુદ્દામાલ સાથે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.